RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 64* Date: 30.12.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### નવી પેઢી લીડરશિપ માટે તૈયાર છે

## આકાશ, ઈશા અને અનંત અમારા કરતાં સારું પર્ફોર્મ કરે છે : મુકેશ અંબાણી



મુંબઇ,તા.૨૯

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન તરીકે પહેલીવાર મુકેશ અંબાણીએ તેમના ગ્રુપના ઉત્તરાધિકારી વિશે નિવેદન આપ્યું છે. મુકેશ અંબાણી એ કહ્યું હતું કે નવી પેઢી લીડરશિપ માટે તૈયાર છે. આકાશ, ઈશા અને અનંત સારી રીતે પર્ફોર્મ કરી રહ્યાં છે.

રિલાયન્સનો પાયો નાખનાર ધીરુભાઈ અંબાણીના જન્મદિવસે મુકેશ અંબાણીએ એક ફેમિલી ફંક્શનમાં સ્પીચ આપી હતી. તેમણે કહ્યું હતું કે યુવા પેઢી હવે લીડરશિપ નિભાવવા માટે તૈયાર છે. હવે હું ઉત્તરાધિકારીની પ્રક્રિયા ઝડપથી પૂરી કરવા માગું છું. આપણે નવી પેઢીનું માર્ગદર્શન કરવું જોઈએ. તેમને સક્ષમ બનાવવા જોઈએ. તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ અને તેમના કામ પર તાળીઓ પણ વગાડવી જોઈએ, કારણ કે તેઓ અમારા કરતાં સારું પર્ફોર્મ કરી રહી છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે હું રોજ રિલાયન્સ માટે બાળકોનું એ જુનૂન, કમિટમેન્ટ અને સમર્પણ જોઈ શકું છું. હું તેમનામાં એ જ જુસ્સો અને કુશળતા જોઉં છું, જે મારા પિતામાં લાખો લોકોનાં જીવનમાં પરિવર્તન લાવવા અને ભારતના વિકાસમાં યોગદાન માટે હતાં.

અંબાણીએ કહ્યું હતું કે અમે રિલાયન્સના સ્વર્ણિમ દશકના બીજા ભાગમાં પ્રવેશ કરી રહ્યા છીએ, ત્યારે હું તમને કહી શકું છું કે અમારી કંપનીનું ભવિષ્ય મને પહેલાં કરતાં ઉજ્જવળ દેખાય છે. હું વિશ્વાસથી બે ભવિષ્યવાણી કરી શકું છું. સૌથી પહેલી, ભારત દુનિયાની ટોપની ૩ અર્થવ્યવસ્થામાં સામેલ થઈ જશે. બીજી, રિલાયન્સ દુનિયાની સૌથી મજબૂત અને પ્રતિષ્ઠિત ભારતીય બહુરાષ્ટ્રીય કંપનીઓમાંની એક બની જશે.

તેમણે કહ્યું હતું કે હવે સમય આવી ગયો છે કે આ મોટા અવસરનો લાભ લઈને રિલાયન્સના ભવિષ્યના વિકાસનો શિલાન્યાસ કરવો જોઈએ. રિલાયન્સ એક કાપડ કંપની તરીકે શરૂ થઈ હતી, હવે એ વિવિધ બિઝનેસમાં સામેલ છે. એની ઓઈલ ટુ કેમિકલવાળી કંપની હવે રિટેલ, ટેલિકોમ, ઈ-કોમર્સ જેવાં સેક્ટરમાં નંબર વન છે. એની પ્રોડક્ટ રોજ લોકોના ઉપયોગમાં આવી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે એનર્જી બિઝનેસને સંપૂર્ણ રીતે નવું સ્વરૂપ આપ્યું છે. હવે રિલાયન્સ ક્લીન એન્ડ એનર્જી અને મટીરિયલ્સમાં ગ્લોબલ લીડર બનવા તરફ આગળ વધી રહી છે. અમારા સૌથી જૂના બિઝનેસનું આ પરિવર્તન અમને રિલાયન્સ માટે સૌથી મોટું ગ્રોથ એન્જિન પૂરું પાડશે.

મુકેશ અંબાણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં નેતૃત્વ પરિવર્તન અંગેનું નિવેદન સેબીએ એપ્રિલ ૨૦૨૨ની આપેલી ડેડલાઈન પહેલાં આવ્યું છે. વાસ્તવમાં લિસ્ટેડ કંપનીઓમાં ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટરની પોઝિશન્સ અલગ કરવા અંગેની આ ડેડલાઈન છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ લિસ્ટેડ કંપનીઓને તેમના માપદંડોનું પાલન કરવાની સમયમર્યાદા વધારી દીધી છે. એના ચેરમેન અજય ત્યાગીએ કહ્યું હતું કે અમે ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરનું પદ અલગ કરવા માટે ઈન્ડસ્ટ્રીને પૂરતો સમય આપ્યો છે. હવે હું ઈન્ડસ્ટ્રીઝને એનું પાલન કરવાની અપીલ કરું છું.

આ વર્ષે જૂનમાં રિલાયન્સની વાર્ષિક સભામાં અંબાણીએ ત્રણ વર્ષમાં ક્લીન એનર્જીમાં ૭૫ હજાર કરોડનું રોકાણ કરવાની જાહેરાત કરી હતી, કારણ કે કંપની ફ્યૂલ ફોસિલથી દૂર થઈ ગઈ છે. રિટેલ એન્ડ ટેલિકોમ બિઝનેસ પર અંબાણીએ કહ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં અમે લગભગ ૧૦ લાખ નાના દુકાનદારોને એકસાથે જોડ્યા છે અને અંદાજે ૧ લાખ રોજગારીની તક ઊભી કરી છે. આ ગ્રોથ એન્જિન અમારા પાર્ટનર્સ અને કર્મચારીઓ માટે પણ મહત્ત્વનું સાબિત થશે.સ્પીચમાં તેમણે કહ્યું હતું કે એક બાજુ સામાન્ય સ્થિતિ ધીમે ધીમે પરત આવી રહી છે ત્યારે બીજી બાજુ કોરોનાના કારણે અનિશ્ચિતતા પણ યથાવત્ છે.

૬૪ વર્ષના અંહાણીએ ૨૦૦૨માં તેમના પિતાના મૃત્યુ પછી રિલાયન્સના ચેરમેન તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તેમનાં ત્રણ બાળક- આકાશ, ઈશા અને અનંત રિલાયન્સના ટેલિકોમ, રિટેલ અને એનર્જી બિઝનેસમાં સામેલ છે, તેમાંથી કોઈ પણ રિલાયન્સ બોર્ડમાં નથી, પરંતુ તેઓ કંપનીના મુખ્ય વર્ટિકલમાં ડિરેક્ટર છે. તેમણે કહ્યું હતું કે મને કોઈ શંકા નથી કે આકાશ, ઈશા અને અનંત આગામી પેઢીનાં લીડર બનીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની વધુ પ્રગતિ કરશે.

## ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯,૧૯૫ કોરોનાનાં નવા કેસ આવ્યા

નવીદિલ્હી,તા.૯

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯,૧૯૫ કોરોનાનાં નવા કેસ આવ્યા હતા. જે ગઈકાલની સંખ્યા કરતાં ૪૪.૬ ટકા વધારે છે. વેકસીનેશન અભિયાન અંતર્ગત આજ સુધીમાં ૧૪૩.૧૫ કરોડ લોકો વેક્સિનના ડોઝ લઈ ચૂક્યા છે. ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા હાલ ૭૭,૦૦૨ છે અને રિકવરી રેટ ૯૮.૪૦ % છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭,૩૪૭ દર્દીઓ રિકવર થયા હતા. જેની સંખ્યા વધીને ૩,૪૨,૫૧,૨૯૨ થઈ ગઈ છે. અમે છેલ્લા ૨૪ કલાકમાં ૩૦૨ દરીઓના મોત થયા હતા. જે સંખ્યા વધીને હવે ૪,૮૦,૫૯૨ થઈ ગઈ છે. કોરોનાનાં નવા વેરિયન્ટ ઓમીક્રોન હવે માથાનો દુખાવો બન્યો છે. હવે દેશના ૨૧ રાજ્યોમાં કોરોનાનાં ઓમીક્રોન વેરિયન્ટના કેસ નોંધાઈ ચૂક્યા છે. દિલ્હીમાં ઓમીક્રનનાં સૌથી વધુ ૨૩૮ કેસ નોંધાયા છે અને મહારાષ્ટ્રમાં ૧૬૭ કેસ નોંધાયા છે.

દિલ્હીમાં દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા વધતાં કેસોને પગલે અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ નિણર્ય બાદ દિલ્હીમાં મંગળવારે સ્કૂલ કોલેજ, સિનેમા અને જિમ તરત બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સાથે દુકાનો, સરકારી પરિવહન સહિત અનેક્ પ્રતિબંધો પણ લગાવવામાં આવ્યા હતા.

ઉત્તરપ્રદેશને કોરોના અસરગ્રસ્ત રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરીમાં ઉત્તરપ્રદેશમાં કોરોનાનાં કેસના કારણે ત્રીજી લહેરની સંભાવના છે એવું કારણ આપવામાં આવ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તરપ્રદેશમાં કોરોનાનાં ૮૦ નવા કેસ આવ્યા હતા અને તેના કારણે હવે ઉત્તરપ્રદેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૯૨ થઈ ગઈ છે. સામે ગુજરાત રાજ્યમાં કોરોનાના ૩૯૪ કેસ નોંધાયા હતા. અને એક્ટિવ કેસની સંખ્યા ૧૪૨૦ છે

ગુજરાત રાજ્યમાં કોરોનાના ૩૯૪ કેસ નોંધાયા હતા. અને એક્ટિવ કેસની સંખ્યા ૧૪૨૦ છે. તો પણ ગુજરાતને કોરોના પ્રભાવિત રાજ્ય જાહેર કરવામાં નથી આવ્યું. જેના કારણે ગુજરાત સરકાર અને આરોગ્ય વિભાગ સામે કેટલાક પ્રશ્નો ઊભા થાય એવી સંભાવના છે. ગુજરાતનાં ૧૪૨૦ દર્દીઓ પૈકી ૧૬ દર્દીઓ વેન્ટિલેટર પર રખાયા છે એટલે કે ગંભીર સ્થિતિનો સામનો કરી રહ્યા છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો યુએઇ અને કુવૈતનો પ્રવાસ રદ

નવીદિલ્હી,તા.૨૯

કોરોના વાયરસના નવા પ્રકાર ઓમિક્રોનના ખતરાને જોતા વડાપ્રધાન મોદીની યુએઇ અને કુવૈતની મુલાકાત હાલ પુરતી મુલતવી રાખવામાં આવી છે.આ પ્રવાસ કોરોનાના વધતા સંક્રમણના લીધે રદ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી મહિનાના પ્રથમ સપ્તાહમાં સંયુક્ત આરબ અમીરાતની મુલાકાત લે તેવી શક્યતા હતી , જે ૨૦૨૨માં તેમની પ્રથમ વિદેશ યાત્રા હશે. આની જાણકારી ધરાવતા લોકોએ કહ્યું કે બંને પક્ષો ૬ જાન્યુઆરીની આસપાસ પ્રવાસનો કાર્યક્રમ નક્કી કરવા વિચારી રહ્યા છે, પરંતુ હજુ સુધી તારીખ નક્કી કરવામાં આવી નથી.પરતું હવે વધતા કોરોનાના કેસના લીધે આ યાત્રા રદ કરવામાં આવી છે.

નોંધનીય છે કે જો વિદેશી પ્રવાસ રદ થયું ન હોત તો આ પ્રવાસના કાર્યક્રમ આ પ્રમાણે હોત,વડા પ્રધાનની વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગલ્ફ કન્ટ્રીની પ્રસ્તાવિત મુલાકાત એવા સમયે આવી શકે છે જ્યારે બંને દેશો તેમના રાજદ્વારી સંબંધોના ૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. મોદી આ દરમિયાન દુબઈ એક્સપોની મુલાકાત પણ લઈ શકે છે. ભારત અને સંયુક્ત આરબ અમીરાત આર્થિક સંબંધોને વધુ મજબૂત કરવા માટે વ્યાપક મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે અને આ મુલાકાત આ વિષય પર આગળ વધે તેવી શક્યતા છે.

### યુએસમાં દૈનિક ૨.૨૯ લાખ કેસ,સ્પેનમાં કોરોનાના નવા ૨,૧૪,૬૧૯ કેસ

## કોરોના મહામારીએ અમેરિકા અને યુરોપમાં અજગર ભરડો લીધો

વોશિંગ્ટન,તા.૨૯

કોરોના મહામારીએ અમેરિકા અને યુરોપમાં અજગર ભરડો લીધો છે. અમેરિકન સરકારે જણાવ્યું હતું કે દેશમાં કોરોનાના નવા કેસમાં ઓમિક્રોન વેરિઅન્ટના ૫૯ ટકા જેટલા કેસ જોવા મળી રહ્યા છે. અગાઉના સપ્તાહે કોરોનાના કેસમાં ઓમિક્રોનના કેસનું પ્રમાણ ૨૩ ટકા હતું. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨.૨૯ લાખ કેસ નોંધાયા હતા. બીજીબાજુ યુરોપમાં બ્રિટન ઉપરાંત સ્પેન જેવા દેશોમાં પણ કોરોના વકર્યો છે. સ્પેનમાં કોરોનાના નવા ૨,૧૪,૬૧૯ કેસ નોંધાયા છે. દુનિયામાં કોરોનાના કુલ કેસ ૨૮,૨૩,૫૪,૨૪૪ થયા છે જ્યારે મૃત્યુઆંક ૫૪,૨૬,૫૦૮ થયો છે.

અમેરિકામાં સેન્ટર્સ ફોર ડીસીસ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન વિભાગે જણાવ્યું હતું કે, દેશમાં કોરોનાના નવા કેસમાં ઓમિક્રોનના કેસનું પ્રમાણ સતત વધી રહ્યું છે, જેને પગલે કોરોનાના દર્દીઓના હોસ્પિટલમાં દાખલ થવાનું પ્રમાણ પણ વધ્યું છે. પરિણામે મોટાભાગના રાજ્યોમાં હોસ્પિટલાઈઝેશનનો દર ટોચના સ્તર નજીક છે. ઓહાયા, ઈન્ડિયાના અને ડેલવેરમાં હોસ્પિટલમાં દાખલ થનારા કોરોનાના દર્દીઓનું પ્રમાણ ૮૦ ટકા જેટલું ઊંચું નોંધાયું છે. અમેરિકામાં કોરોનાના નવા ૨,૨૯,૦૧૬ કેસ નોંધાવાની સાથે કુલ કેસ ૫,૩૭,૯૧,૮૫૨ થયા હતા જ્યારે વધુ ૮૨૩નાં મોત સાથે મૃત્યુઆંક ૮,૩૯,૬૦૫ થયો હતો.

યુરોપમાં બ્રિટન ઉપરાંત હવે સ્પેનમાં પણ કોરોનાનો હાહાકાર જોવા મળી રહ્યો છે. સ્પેનમાં સોમવારે મોડી રાત્રે કોરોનાના નવા ૨,૧૪,૬૧૯ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ કેસ ૫૯,૩૨,૬૨૬ થયા હતા જ્યારે મૃત્યુઆંક ૮૯,૧૩૯ થયો હતો. સ્પેનમાં ઓમિક્રોન વેરિઅન્ટના કારણે કોરોનાના કેસમાં અસાધારણ ઉછાળો આવ્યો છે તેમ વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું. કોરોનાના કેસ વધતાં સ્પેને અનેક પ્રદેશોમાં નિયંત્રણો લાગુ કર્યા હતા. બ્રિટનમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧,૨૯,૪૭૧ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ કેસ ૧,૨૩,૩૮,૬૭૬ થયા છે અને મૃત્યુઆંક ૧,૪૮,૦૨૧ થયો છે. કોરોનાના કેસ વધવા છતાં નવા વર્ષની ઊજવણી પહેલાં લોકડાઉન લાગુ નહીં કરવાનો સરકારે નિર્ણય લીધો છે. જોકે, સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તારીય આયર્લેન્ડે ઓમિક્રોનનો પ્રસાર અટકાવવા માટે પાર્ટી અને નાઈટ ક્લબ્સ પરનો પ્રતિબંધ જાળવી રાખ્યો છે. નિષ્ણાતો સાથેની બેઠક પછી વડાપ્રધાન બોરિસ જોન્સને જણાવ્યું હતું કે, નવા વર્ષ પહેલાં દેશમાં કોઈ વધારાના નિયંત્રણો લાગુ કરવામાં નહીં આવે. ઓસ્ટ્રેલિયામાં પણ કોરોનાએ ઊથલો માર્યો છે. ઓસ્ટ્રેલિયાના બે રાજ્યો વિક્ટોરિયા અને ક્વીન્સલેન્ડમાં નવા દૈનિક કેસમાં વિક્રમી ઊછાળો આવ્યો છે. ક્વિન્સલેન્ડમાં પહેલી વખત કોરોનાના દૈનિક કેસ ૧,૦૦૦ને ઉપર થતાં ૧,૧૫૮ નોંધાયા હતા. જોકે, અહીં હોસ્પિટલાઈઝેશનનું પ્રમાણ ઓછું છે. રાજ્યમાં એક્ટિવ કેસ ૪,૦૦૦ છે, જેમાંથી ૨૫૭ કેસ ઓમિક્રોનના છે. ઓસ્ટ્રેલિયાના સૌથી વધુ વસતીવાળા ન્યૂ સાઉથ વેલ્સમાં નવા ૬,૦૬૨ કેસ નોંધાયા હતા.

## સુરતમાં પાંચ વર્ષની બાળકી પર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુધ્ધ કૃત્ય આચરી હત્યા કરનારને આજીવન કેદ

સુરત,તા.૨૯

સુરતના હજીરા વિસ્તારની શ્રમજીવી પરિવારની પાંચ વર્ષીય બાળકી પર ગત એપ્રિલ માસ દરમિયાન દુષ્કર્મ આચરી હત્યા કરવાના કેસમાં આરોપીને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. આરોપી વિરુધ્ધ સરકારપક્ષના વિશેષ પુરાવા તથા આરોપીના ફર્ધર સ્ટેટમેન્ટ બાદ આજે ચુકાદો પોક્સો કેસોની ખાસ અદાલતમાં જાહેર કરવામાં આવ્યો હતો.જેમાં આરોપીને જીવનના અંતિમ શ્વાસ સુધી જેલવાસની સજા સાથે એક લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.સાથે જ પીડિતના પરિવારને ૨૦ લાખનું વળતર આપવાનું પણ કોર્ટે ચુકાદામાં નોધ્યું છે.ચુકાદો સાંભળતા નરાધમે જજ પર ચપ્પલ ફેંક્યું હતું.

બાળકી તરફે સરકારી વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે,બાળકી સાથે બદકામ કરનારા આરોપીને કોર્ટે ગંભીર ગણીને જીવનપર્યંત જેલવાસની સજા ફટકારી છે.સાથે જ પીડિતાના પરિવારને ૨૦ લાખનું વળતર આપવામાં આવશે. આ ઘટના અગાઉ પણ આરોપીએ એક બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. જો કે એ બાળકીએ ઈંટ મારીને પ્રતિકાર કર્યો હતો. જેથી તે બચી ગઈ હતી. પરંતુ આ બાળકી સાથે આરોપીએ ક્રુર અને જઘન્ય કૃત્ય આચર્યુ હતું. જેથી તેને કેપિટલ પનિશમેન્ટની સજા થાય તેવી માગ કરી હતી.જો કે કોર્ટે અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારી છે. આરોપીના મોબાઈલમાંથી પોર્ન અને એનિમલ પોર્નના વીડિયો પણ મળી આવ્યા હતા તે પૂરાવા મહત્વના સાબિત થયાં હતાં.

આજથી સાત-આઠ મહીના પહેલાં હજીરા વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારની માત્ર પાંચ વર્ષની બાળકીને ચોકલેટ આપવાની લાલચે મધ્યપ્રદેશના વતની એવા ૨૭ વર્ષીય આરોપી સુજીત મુન્નીલાલ સાકેત બદકામ કરવાના ઈરાદે પોતાની સાથે લઈ ગયો હતો.આરોપીએ ભોગ બનનાર બાળકી સાથે સૃષ્ટિ વિરુધ્ધનુ કૃત્ય આચરી તેની હત્યા કરી નાસી છુટયો હતો.જેથી ભોગ બનનાર બાળકીના વાલીએ હજીરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા આરોપી સુજીત સાકેતની પોલીસે પોક્સો એક્ટના ભંગ બદલ ધરપકડ કરી જેલ ભેગો કર્યો હતો.

સગીર બાળકીના દુષ્કર્મ-હત્યાકેસમાં સંડોવાયેલા આરોપી વિરુધ્ધ પોક્સો એક્ટના ભંગનો કેસની સ્પીડી ટ્રાયલ હાથ ધરવામાં આવતાં સરકારપક્ષે મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલાએ માત્ર કેસ કાર્યવાહીની પાંચ જ મુદતમાં કુલ ૪૩ પૈકી ૧૪ સાક્ષીઓને ડ્રોપ કરીને માત્ર ૨૯ મહત્વના સાક્ષીઓની જુબાની લઈને ફરિયાદપક્ષનો કેસ સફળતાપૂર્વક રજૂ કર્યો હતો. ત્યારબાદ કોર્ટે આરોપીના ફર્ધર સ્ટેટમેન્ટ તથા સરકારપક્ષની દલીલો પુરી થતાં આજે કોર્ટે આકરી સજા ફટકારી હતી..

## નિર્મલા સીતારમણ રાજ્યોના નાણાં પ્રધાનો સાથે પ્રી-બજેટ પરામર્શ કરશે

નવીદિલ્હી,તા.૨૯

નાણા પ્રધાન નિર્મલા સીતારમણ પરંપરાગત પૂર્વ-બજેટરી પરામર્શના ભાગરૂપે ગુરુવાર, ૩૦ ડિસેમ્બરે તેમના રાજ્યના નાણાપ્રધાનને મળશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અન્ય પ્રિ-બજેટ પરામર્શથી વિપરીત સ્ટેકહોલ્ડર્સ સાથેની શારીરિક બેઠક હશે, જે અત્યાર સુધી વર્ચ્યુઅલ રીતે યોજવામાં આવી હતી.

સામાન્ય રીતે દર વર્ષે જાન્યુઆરીના છેલ્લા સપ્તાહમાં શરૂ થતા સંસદના બજેટ સત્રના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન ૨૦૨૨-૨૩ માટેનું કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ થવાની ધારણા છે. અત્યાર સુધી નાણામંત્રીએ નાણાકીય ક્ષેત્ર, ટ્રેડ યુનિયન, ઉદ્યોગો અને કૃષિના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી છે. તે કેન્દ્રીય બજેટ પર ચર્ચા કરવા માટે અગ્રણી અર્થશાસ્ત્રીઓને પણ મળી છે.

આ ક્રિયાપ્રતિક્રિયાઓ દરમિયાન, સરકારને આવકવેરા સ્લેબના તર્કસંગતકરણ, ડિજિટલ સેવાઓ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિ અને હાઈડ્રોજન સ્ટોરેજ માટે પ્રોત્સાહનો સહિત અનેક સૂચનો મળ્યા છે.

## નાસાના એલિયન હંટિંગ મિશનમાં ૨૪ ધર્મશાસ્ત્રી સામેલ રહેશે

અમેરિકા,તા.૨૯

નાસા બ્રહ્માંડનાં રહસ્યોને જાણવાનો પ્રયાસ કરી રહ્યું છે જેમાં એલિયન્સ પણ સામેલ છે. તેથી જ નાસાએ તાજેતરમાં જ જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ લોન્ચ કર્યુ છે જે બ્રહ્માંડનાં રહસ્યો પરથી પરદો ઉઠાવશે. નાસા એલિયન્સનાં રહસ્યોને જાણવા માટે વર્ષોથી પ્રયાસ કરી રહ્યું છે, જોકે, હજુ સુધી તેને તેમાં કોઇ સફળતા પ્રાપ્ત થઇ નથી અને તેને ધ્યાનમાં રાખીને જ નાસાએ હવે એક નવો અને મોટો નિર્ણય લીધો છે. નાસાના આ એલિયન હંટિંગ મિશનમાં ૨૪ ધર્મશાસ્ત્રી સામેલ રહેશે. બ્રિટનના પ્રખ્યાત પાદરી ડૉક્ટર એન્ડ્ર્યૂ ડેવિસન પણ આ મિશનનો ભાગ છે. બીજા ગ્રહો પર જીવનની શોધ, ભગવાન અને જીવનની ઉત્પત્તિ અંગે લોકોની વિચારધારાને કઇ રીતે પ્રભાવિત કરશે, આ સવાલોનો જવાબ જાણવા માટે નાસા પ્રયાસરત છે. વિજ્ઞાનીઓનું માનવું છે કે પૃથ્વી સિવાય પણ અન્ય ગ્રહો પર જીવન હોઈ શકે છે. તેથી નાસા એલિયન્સની શોધ કરીને તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહી છે. હવે આ જોવું મહત્ત્વનું રહેશે કે નાસાને કેટલી સફળતા મળે છે.અમેરિકન સ્પેસ એજન્સી નાસા એલિયન્સનાં રહસ્યોની જાણકારી માટે હવે પૂજારીઓની ભરતી કરી રહી છે. એલિયન્સનો સંપર્ક કરવા માટે નાસા હવે પૂજારીઓની મદદ લેશે. માનવતાનો એલિયન્સ સાથે સંપર્ક કરાવવામાં પૂજારીઓ મદદ કરશે. દુનિયાભરમાં એલિયન્સ વિશે જાત-જાતના દાવા કરાય છે. ઘણીવાર લોકોએ એલિયન્સ અને UFO જોયાનો દાવો કર્યો છે. પરંતુ બ્રહ્માંડમાં ખરેખર એલિયન્સ છે કે નહીં તેનો પુરાવો કોઈની પાસે નથી. તેથી જ એલિયન્સના અસ્તિત્વ સામે રહસ્ય હજુ પણ યથાવત્ છે.

## તંત્રી સ્થાનેથી...

# પાકિસ્તાનમાં કથળતો માહોલ

પાકિસ્તાનના સિંધ પ્રાંતની રાજધાની કરાચીના નારાયણપુરા ક્ષેત્ર સ્થિત જોગમાયા મંદિરમાં થયેલ હિંસા વિશ્વભરના હિંદુઓ અને સંપૂર્ણ માનવ સમુદાય માટે આક્રોશિત કરનારી છે. એક શખ્સ હથોડો લઈને આવ્યો અને મા જોગમાયાની મૂર્તિને તોડવાનું શરૂ કરી દીધું. એક મહિલાએ બૂમાબૂમ કરી તો લોકો ભેગા થઈ ગયા, પરંતુ તેની અંદર એટલી નફરત હતી કે તેણે તોડવાનું બંધ ન કર્યું. ધરપકડ કરાતાં પહેલાં તેણે મૂર્તિઓને સંપૂર્ણ રીતે ખંડિત કરી દીધી. હિંદુઓએ એકત્રિત થઈને તેને ઇશનિંદાનો મામલો ગણાવ્યો છે. આ બદલાતા સમયની ધારાનું પ્રતીક છે. ગત દિવસોમાં શ્રીલંકાની એક કંપનીના મેનેજર દ્વારા ફેક્ટરીની દીવાલ પર ચોંટાડેલા પોસ્ટર હટાવવાને સ્થાનિક મજૂરોએ ઇશનિંદાનો મામલો ગણાવ્યો હતો. સરેઆમ તેની હત્યા કરી દેવાઈ અને લાશને આગને હવાલે કરી દેવાઈ. શ્રીલંકાનો તમિલ ભાષા જાણતો શખ્સ અરબીમાં લખેલી કુરાનની આયાતોને સમજી ન શક્યો. તેણે દીવાલ પર ચોંટાડેલું પોસ્ટર જાણીને ફાડી નાખ્યું. એવી ઘટના જો ઇશનિંદા બની શકે છે તો ત્યાં ખુલ્લેઆમ મંદિરો અને મૂર્તિઓને અપવિત્ર કરવી અને તોડવી વગેરે પણ સ્વાભાવિક રીતે જ ઇશનિંદા કાયદાના દાયરામાં ન આવે? એક પાકિસ્તાની પત્રકાર અનુસાર ગત ૨૨ મહિનામાં હિંદુ મંદિરો પર આ નવમો મોટો હુમલો હતો. ઇમરાન ખાન સરકાર દાવો કરી રહી છે કે તે મંદિરોની રક્ષા પ્રત્યે સંકલ્પિત છે, પરંતુ આ દાવો બિલકુલ ખોખલો છે, કારણ કે કટ્ટરપંથ ત્યાં સમાજ, સત્તા અને રાજનીતિનો સ્વાભાવિક અંગ બની ચૂક્યો છે. આ જ વર્ષે ઓગસ્ટમાં પંજાબ સ્થિત એક ગણેશ મંદિરમાં તોડફોડ અને આગ લગાવવાનો વીડિયો વાયરલ થયો હતો. ગયા વર્ષે ઓક્ટોબરમાં રહીમયાર ખાન શહેરમાં ખૈબર પખ્તૂનખ્વાના કરક ગામમાં ભીડે મંદિરમાં તોડફોડ કરીને આગ લગાડી દીધી હતી. ઇસ્લામાબાદમાં બની રહેલા ભગવાન શ્રીકૃષ્ણના એક મંદિર પર જુલાઈમાં હુમલો કરી દેવામાં આવ્યો હતો. ગયા વર્ષે ઓગસ્ટમાં એક બિલ્ડરે પાકિસ્તાનના લ્યારીમાં પ્રાચીન હનુમાન મંદિરને ધ્વસ્ત કરી દીધું હતું. ગયા જ વર્ષે ઓક્ટોબરમાં પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં નગરપારકરમાં શ્રીરામ મંદિરમાં તોડફોડ કરવામાં આવી હતી. કેટલાક લોકોએ હિંગળાજ માતાની મૂર્તિનું માથું ક્ષતિગ્રસ્ત કરવાની સાથે મંદિરને અપવિત્ર કરવાના ઇરાદે દરેક પ્રકારની હરકતો કરી. ગયા વર્ષે ડિસેમ્બરમાં વાયરલસ વીડિયોમાં ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં સેંકડો લોકોને હિંદુ મંદિરને બાળતા અને તોડતાં જોવામાં આવ્યા હતા. પાકિસ્તાનના રાવલપિંડી શહેરમાં નવીનીકરણના દોરથી પસાર થઈ રહેલા સો વર્ષ જૂના હિંદુ મંદિરને નુક્સાન કરવામાં આવ્યું. ગયા જાન્યુઆરીમાં ભીડે સિંધના ચાચરો, થારપારકરમાં માતા રાની ભટિયાની દેવી મંદિરમાં તોડફોડ કરી, ધાર્મિક પુસ્તકોમાં આગ લગાડી દીધી અને દેવીની પ્રતિમા પર કાળાશ ચોપડી. જો ઇમરાન સરકાર હિંદુ મંદિરો તથા હિંદુઓની રક્ષા માટે પ્રતિબદ્ધ હોત તો આ પ્રકારની ઘટનાઓ સતત ન થતી હોત. ભારતમાં કોઈ મજહબ કે ધર્મસ્થળો પર સહેજ પણ હિંસા થઈ જાય તો સ્થિતિ શું થાય? કાયદાનો ભય ન હોય તો પણ ભારતમાં બહુસંખ્યક સમુદાય આટલો ઉન્માદી નથી થયો કે બીજા મજહબના ધર્મસ્થળ, તેમની પૂજા પદ્ધતિ કે તેમના ધાર્મિક રૂપે રહેવાને સહન ન કરી શકે. પાકિસ્તાની મીડિયા અનુસાર ત્યાંના ૩૬૫ હિંદુ મંદિરોમાંથી ફક્ત ૧૩નું વ્યવસ્થાપન જ ઇવેક્યૂઈ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ દ્વારા કરવામાં આવે છે. બાકી ધર્મસ્થળોને મજહબી કટ્ટરપંથીઓ કે ભૂમાફિયાની દયા પર છોડી દેવામાં આવ્યા છે.

## આણંદ ખાતે નગરપાલિકા દ્વારા રૂ. ૩.૩૨ કરોડના ખર્ચે

# નવનિર્મિત પ્રમુખ સ્વામી કોમ્યુનિટી હોલનું અને રૂા. એક કરોડના ખર્ચે નિર્માણ પામેલ ગાર્ડનનું લોકાર્પણ કરતાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ

### નગરજનોએ ભારતીય જનતા પાર્ટી પર વિશ્વાસ મૂકીને જયારે આપણને સત્તા સોંપી છે ત્યારે તે વિશ્વાસને સાર્થક કરવાની આપણા સૌની ફરજ બની રહે છેઃ- શ્રી સી.આર.પાટીલ




ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા.૨૯-૧૨-૨૦૨૧ના રોજ આણંદ નગરપાલિકા દ્વારા નવનિર્મિત પ્રમુખ સ્વામી કોમ્યુનિટી હોલ તેમજ નવનિર્મિત ગાર્ડનનું લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા વિકાસના માર્ગે આગળ વધવાની સાથે પ્રજાની આશા-અપેક્ષાઓ પરિપૂર્ણ થાય તેવો અનુરોધ કર્યો હતો.

શ્રી પાટીલ સાહેબે જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે જાતિ-જ્ઞાતિ-વાડાથી જે ચૂંટણીઓ લડાતી હતી તેના કારણે જાતિવાદ વકર્યો હતો તેમાંથી દેશને મુકત કરાવીને વિકાસની વાત કરી, વિકાસથી સત્તા પ્રાપ્ત કરી શકાય છે તેનો સમગ્ર વિશ્વમાં સંદેશો પાઠવ્યો છે ત્યારે નગરજનોએ ભારતીય જનતા પાર્ટી પર વિશ્વાસ મૂકીને જયારે આપણને સત્તા સોંપી છે ત્યારે તે વિશ્વાસને સાર્થક કરવાની આપણા સૌની ફરજ બની રહે છે ત્યારે આ વિશ્વાસને સાર્થક કરવા વિકાસને માર્ગે આગળ વધવાનો અનુરોધ કર્યો હતો.

શ્રી પાટીલ સાહેબે જણાવ્યુ કે, આપણે અનેક સમસ્યાઓનો સામનો કરી આગળ વધ્યા છીએ ત્યારે આપણાં આ પ્રયાસોને વધુ પ્રયત્નો થકી જમીન ઉપર ઉતારવાની આપણામાં ધગશ હોવી જોઈએ તેમ જણાવી નગરજનોની પાણી, રોડ, ગટર, વીજળી જેવી પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય તેના પર ભાર મૂકયો હતો. નગરપાલિકાના સત્તાધીશો આવનારા દિવસોમાં નગરને સુંદર અને સ્વચ્છ બનાવવાના કાર્યમાં સતત કાર્યરત રહીને નગરજનોની સુખાકારીના કાર્ય કરતા રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી નગરજનોને આધુનિક અને સુંદર કોમ્યુનિટી હોલ અને રૂા. એક કરોડના ખર્ચે ગાર્ડનની ભેટ સમયસર ઉપલબ્ધ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને આ હોલ નગરજનોની જરૂરિયાત પૂર્ણ કરવામાં મદદરૂપ બનશે તેવી પણ આશા વ્યક્ત કરી હતી.

શ્રી પાટીલ સાહેબે કેન્દ્ર તેમજ રાજય સરકાર દ્વારા કોરોનાકાળ દરમિયાન કરવામાં આવેલ કામગીરી તેમજ સંભવિત ત્રીજી લહેર પ્રત્યે નાગરિકોને જાગૃત રહેવાની સાથે સાવચેતી અને સલામતી રાખવાની તથા ગાઈડલાઈનનું પાલન કરવાની અપીલ કરી હતી.આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપના મહામંત્રીશ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, સાંસદશ્રી મીતેશભાઈ પટેલ, ખંભાતના ધારાસભ્યશ્રી મયુરભાઈ રાવલ, ઉમરેઠના ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પરમાર, જીલ્લા ભાજપ પ્રમુખશ્રી વિપુલભાઈ પટેલ, આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી રૂપલબેન પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, પૂર્વ સાંસદશ્રી દિપકભાઈ પટેલ, શ્રી લાલસિંહ વડોદિયા, મહિલા અગ્રણી શ્રીમતી આશાબેન દલાલ, સંગઠનના પદાધિકારીઓ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખશ્રીઓ વર્તમાન અને પૂર્વ મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રીઓ, સમાજના અગ્રણીઓ, આણંદ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૦૯ અને ચાંદીમાં રૂ.૫૧૫નો ઘટાડો

# ક્રૂડ તેલ, કપાસ, કોટન, મેન્થા તેલ, સીપીઓમાં નરમાઈનો માહોલઃ રબરમાં સુધારોઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૯૬ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૪૮ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૧૬,૭૧૦ સોદાઓમાં કુલ રૂ.૯,૮૭૬.૬૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના જાન્યુઆરી વાયદામાં ૯૬ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના જાન્યુઆરી વાયદામાં ૧૪૮ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૫૫,૩૮૭ સોદાઓમાં કુલ રૂ.૩,૮૪૧.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૦૦૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૦૧૨ અને નીચામાં રૂ.૪૭,૭૦૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૯ ઘટી રૂ.૪૭,૭૩૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૯૦ ઘટી રૂ.૩૮,૬૪૮ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૪ ઘટી રૂ.૪,૭૮૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૨,૩૬૭ ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૬૫૦ અને નીચામાં રૂ.૬૧,૯૧૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૧૫ ઘટી રૂ.૬૧,૯૯૯ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૦૬ ઘટી રૂ.૬૨,૨૮૬ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૦૬ ઘટી રૂ.૬૨,૨૯૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૨,૫૪૬ સોદાઓમાં રૂ.૨,૪૦૮.૫૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૮૫ ઘટી રૂ.૨૨૬.૩૫ અને જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૫ ઘટી રૂ.૨૮૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬.૮૫ ઘટી રૂ.૭૫૭.૪૦ અને નિકલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭.૫ ઘટી રૂ.૧,૫૫૨.૧૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૬૫ ઘટી રૂ.૧૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં ૨૯,૫૭૬ સોદાઓમાં કુલ રૂ.૧,૮૫૭.૯૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૬૭૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૭૨૩ અને નીચામાં રૂ.૫,૬૪૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૬ ઘટી રૂ.૫,૬૫૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૩૦ વધી રૂ.૩૦૦.૪૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧,૦૬૪ સોદાઓમાં રૂ.૧૧૮.૧૧ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૮૯૭.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૯૭.૫૦ અને નીચામાં રૂ.૧૮૮૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩ ઘટી રૂ.૧,૮૮૯ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૨૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬,૬૦૦ અને નીચામાં રૂ.૧૬,૨૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૫ વધી રૂ.૧૬,૪૮૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૦૮૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૯૦ અને નીચામાં રૂ.૧૦૮૭ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧ ઘટી રૂ.૧૦૮૮.૩૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૪૦ ઘટી રૂ.૯૮૮.૨૦ અને કોટન ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૫૦ ઘટી રૂ.૩૩,૧૮૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૪,૬૦૩ સોદાઓમાં રૂ.૨,૨૧૯.૬૧ કરોડનાં ૪,૬૩૫૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૦,૭૮૪ સોદાઓમાં કુલ રૂ.૧,૬૨૧.૬૪ કરોડનાં ૨૫૯.૭૪૪ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૩૪૬.૦૨ કરોડનાં ૧૫,૩૬૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૪૭૪.૩૬ કરોડનાં ૧૬,૬૩૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૮૫૫.૯૬ કરોડનાં ૧૧,૪૬૫ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૬૮૨.૩૧ કરોડનાં ૪,૪૧૭.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૪૯.૯૦ કરોડનાં ૨,૬૮૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૮,૫૭૭ સોદાઓમાં રૂ.૬૮૦.૨૭ કરોડનાં ૧૧,૯૬,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૦,૯૯૯ સોદાઓમાં રૂ.૧,૧૭૭.૬૩ કરોડનાં ૩,૯૬,૭૦,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૩ સોદાઓમાં રૂ.૦.૧૧ કરોડનાં ૧૨ ટન અને કોટનના વાયદાઓમાં ૯૪૦ સોદાઓમાં રૂ.૧૦૭.૦૨ કરોડનાં ૩૨૦૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૮૫ સોદાઓમાં રૂ.૩.૬૩ કરોડનાં ૩૬.૭૨ ટન, રબરના વાયદાઓમાં ૧૪ સોદાઓમાં રૂ.૦.૨૮ કરોડનાં ૧૭ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૨૨ સોદાઓમાં રૂ.૭.૦૭ કરોડનાં ૬૬૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૪,૭૧૯.૮૫૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૦૦.૬૪૧ ટન, એલ્યુમિનિયમમાં ૧૫,૩૨૫ ટન, જસત વાયદામાં ૧૦,૦૬૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૦,૭૬૨.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૩,૦૮૪ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૩,૧૭૦ ટન, ક્રૂડ તેલમાં ૯,૨૨,૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૮,૯૮,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૩૬ ટન, કોટનમાં ૧૭૩૨૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૩૪૭.૭૬ ટન, રબરમાં ૬૯ ટન, સીપીઓમાં ૭૧,૯૩૦ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૮૫૪ સોદાઓમાં રૂ.૧૬૯.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૬૮૬ સોદાઓમાં રૂ.૫૩.૯૭ કરોડનાં ૭૬૫ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૦૭૬ સોદાઓમાં રૂ.૧૦૭.૯૨ કરોડનાં ૧,૨૫૭ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૬૯૬ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯૫૨ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૪,૧૪૨ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૧૫૨ અને નીચામાં ૧૪,૦૫૬ના સ્તરને સ્પર્શી, ૯૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૯૭ પોઈન્ટ ઘટી ૧૪,૦૬૩ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૭,૧૮૬ના સ્તરે ખૂલી, ૧૪૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧૭ પોઈન્ટ ઘટી ૧૭,૧૬૬ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧૬,૨૮૩ સોદાઓમાં રૂ.૧,૪૮૧.૩૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૯.૨૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૫.૯૬ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૨૨૯.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

# માનવ એકતા....એક વાસ્તવિકતા

કોઇક જિજ્ઞાસુએ પ્રશ્ન પૂછ્યો કેઃ તરબૂચ અને સંતરામાંથી કયુ ફળ માનવ એકતાને દર્શાવે છે ? તેના જવાબમાં એક વિદ્વાને કહ્યું કેઃ તરબૂચના બાહ્ય દેખાવથી એવું લાગે છે કે તે અનેક ભાગોમાં વહેંચાયેલું છે,પરંતુ તેને કાપ્?યા પછી તેની વાસ્તવિકતા બહાર આવે છે કે તરબૂચ અંદરથી તો એક જ છે. જ્યારે બીજી બાજુ સંતરાને બહારથી જોઇએ છીએ તો એક જ હોય તેમ ભાસે છે,પરંતુ તેની ઉપરની છાલ કાઢી નાખીએ તો ખબર પડે છે કે અંદરથી તે અનેક ભાગોમાં વહેંચાયેલું હોય છે.

આવી જ રીતે સંસારની અવસ્થા પણ સંતરાના જેવી છે.બાહ્ય રીતે જોઇએ તો તમામ મનુષ્?યો એકબીજાની સાથે જોડાયેલા હોય તેમ લાગે છે,પરંતુ વાસ્તવમાં તેઓ પોત પોતાના સ્વાર્થને સાધવામાં રત હોય છે.તેનાથી ઉલ્ટું બ્રહ્મજ્ઞાની સંતો તરબૂચના જેવા હોય છે,બહારથી તે અલગ અલગ લાગે છે, પરંતુ અંન્તર્મનથી તે એક હોય છે,તેમની ભાવના..વિચારધારા તથા સંસારમાં રહેવાની રહેણી કરણી એક હોય છે.આવો જાદુ એકમાત્ર બ્રહ્મજ્ઞાનના કારણે જ શક્ય બને છે.જ્યારે ક્ષોત્રિય બ્રહ્મનિષ્?ઠ સદગુરૂની કૃપાથી જ્ઞાન થાય છે કે તમામ જીવમાત્રમાં એક નિર્ગુણ નિરાકાર પરમાત્મા સમાયેલા છે ત્યારે એકતાની ભાવના આપોઆપ સ્થાપિત થાય છે.સ્વાર્થના સંકુચિત વર્તુળમાંથી બહાર નીકળી મનમાં વિશાળતાની ભાવના આવી જાય છે.હવે ફક્ત પોતાનું દર્દ જ દર્દ નહી,પરંતુ બીજાના દુઃખને જોઇને પણ આંખમાં આંસુ આવી જાય છે.ફક્ત બીજાના દુઃખે દુઃખી નહી પરંતુ દરેકમાં એક પરમાત્માનો વાસ છે તેમ માની તન,મન અને ધનથી તમામની સહાયતા માટે તત્પર થઇ જાય છે.

સંત નિરંકારી મિશન દ્વારા આયોજીત રક્તદાન શિબિરોમાં રક્તદાતાઓની લાંબી લાંબી લાઇનો એ દર્શાવે છે કેઃ નિઃસ્વાર્થભાવથી માનવ એકતા સ્થાપિત કરવાની દિશામાં સંતો પોતાનું યોગદાન આપી રહ્યા છે.રક્તદાન કરનાર સંતોએ ક્યારેય કોઇને પૂછ્યું નથી કે મારૂ લોહી કંઇ જાતિના માનવને ચઢાવવામાં આવશે? સંત નિરંકારી મિશનના તમામ પાસાઓ માનવ એકતાના સિદ્ધાંતને પરિલક્ષિત કરે છે.સદગુરૂ બાબાજી જ્યારે બ્રહ્મજ્ઞાન પ્રદાન કરે છે ત્યારે જિજ્ઞાસુઓની જાતિ-પાંતિ..રહેણી-કરણી.. ઉંચ-નીચનો ભેદભાવ જોતા નથી.નાના-મોટા દરેકને એકસાથે બેસાડીને બ્રહ્મજ્ઞાન પ્રદાન કરે છે.

સંત નિરંકારી મિશનનું પ્રથમ પ્રણ..તન,મન અને ધન પ્રભુ પરમાત્માનાં છે તેને પ્રભુ પરમાત્માનાં સમજીને તેનો ઉપયોગ ઉપભોગ કરવાનો છે.તન,મન અને ધનમાં પોતાપણાનો ત્યાગ નિશ્ચિંતરૂપથી અહંકાર ઓછો કરી વિનમ્રતામાં વૃધ્ધિ કરે છે,જેનાથી જિજ્ઞાસુ બ્રહ્મજ્ઞાનનો અધિકારી બને છે.જગતમાં જે કંઇ છે તે સર્વ પ્રભુ પરમાત્માનું જ છે એટલે તેમની આજ્ઞાથી તેનો ઉપભોગ કરવો અને કોઇના પણ ધન ઉપર લલચાવવું નહી.મોહના કારણે જ સંસાર સત્ય લાગે છે અને નિરાકાર બ્રહ્મનો અનુભવ થતો નથી.સેવા,સુમિરણ,સત્સંગમાં સૌથી મોટું વિઘ્ન તન-મન-ધનનું મિથ્યા આકર્ષણ છે.તન-મન-ધનનું અભિમાન ના રહે તો ભક્ત સરળ ભાવથી ભક્તિ પથ ઉપર આગળ વધે છે.બાળ સુલભ સરળતા ભક્તિની વાસ્તવિક શક્તિ છે..નિરંકારી મિશનનું આ પ્રથમ પ્રણ માનવ એકતાનો પાયો તૈયાર કરે છે.જો તન-મન અને ધનમાંથી એક પણ આપણું નથી તો પછી સ્વાર્થનું અસ્તિત્વ ક્યાંથી આવ્યું? સત્ય તો એ છે કેઃએક જ જગ્યાએ સીમિત રહેવાથી શુદ્ધ જળ પણ દૂષિત બની જાય છે,તેવી જ રીતે આપણા મનને પણ જો સ્વાર્થની દિવાલોમાં કૈદ કરી દેવામાં આવે તો વિકૃત્તિઓ આપોઆપ આવી જાય છે અને જો સ્વાર્થ જ ના હોય તો વિકૃત્તિઓ ક્યાંથી આવી શકવાની છે?

સંત નિરંકારી મિશનનું બીજું પ્રણ છે..જાત-પાતનો ભેદભાવ ના રાખવો.તમામ જીવ નર અને માદા જ્યારે એક જ જ્યોત્તિથી બનેલા છે અને એક જ તેમના નિર્માતા છે, શરીર પણ જો બધાનાં એક સરખાં હોય તો પછી વિભિન્ન જાતિ-પાંતિના ભેદ અને બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શુદ્ર જેવા ચાર વર્ણ તથા લોકાચાર..વગેરેના વિવાદ કેમ? તમામ જાતિઓની જેમ તમામ તથાકથિત ધર્મ અને સંપ્રદાય પણ જ્યારે એક જ પ્રભુના સંતાન છે તેથી તેમને માનવ સમજીને સમાન રૂપથી પ્રેમ કરવો જોઇએ.ક્યારેય જાતિ-પાંતિ-વર્ણ..વગેરેના આધારે કોઇને નાના-મોટા ન માનવા.કોઇ નાનું નથી કે કોઇ મોટું નથી.તમામ એક જ ઈશ્વરના સંતાન છે,ભાઇ-ભાઇ છે માટે સાથે મળીને સફળતાના માટે આગળ વધવાનું છે.આ પ્રણ માનવ મનમાં રહેલા ઉંચ નીચના ભેદભાવ અને તેના કારણે ઉત્પન્ન થતા અહંકાર તથા નીચી જાતિના પ્રત્યેની અવહેલનાને દૂર કરે છે.

સંત નિરંકારી મિશનનું ત્રીજું પ્રણ છે...બીજા કોઇના ખાન-પાન,રહેણી-કરણી ઉપર ક્યારેય વિરોધ નફરત ના કરવી.દેશકાળ બદલાતાં ધરતી ઉપર અલગ-અલગ ઋતુઓનું પરિવર્તન જોવા મળે છે, એટલે અન્ય કોઇ બીજાના ખાન-પાન અને કપડાઓની આલોચના ન કરવી,કારણ કેઃખાવું-પીવું અને વસ્ત્ર પહેરવા દેહના ધર્મ છે,તેનાથી નિર્લિપ્?ત આત્માનો કોઇ સબંધ નથી.તમોને જે રૂચિકર લાગે છે તે વિવેક અને ધર્મને માધ્યમમાં રાખી ખાવો-પીવો-પહેરો પરંતુ બીજાઓની આલોચના કરીને ખોટો વાદ-વિવાદ ઉભો ન કરવો.હરિ મિલન રૂપી મુક્તિ તો અહંકારનો ત્યાગ કરવાથી જ મળે છે. આ પ્રણનું પાલન કરવાથી માનવ-માનવ વચ્ચેનો ભેદભાવ સમાપ્?ત થઇ જાય છે.

સંત નિરંકારી મિશનનું ચોથું પ્રણ છે...ઘર ગૃહસ્થમાં રહેવું. હે માનવ ! પરમાત્માનું જ્ઞાન અને ભક્તિ પ્રાપ્?ત કરવા માટે પોતાનું ઘર છોડવાની..દર દર ફરી ભિક્ષા માંગવાની..ગૃહસ્થનો પરીત્યાગ કરવાની અને ભગવા વસ્ત્ર ધારણ કરવાની આવશ્યકતા નથી. ગૃહસ્થનો ત્યાગ કરી બનાવટી સાધુનો વેશ ક્યારેય ધારણ કરવો નહી.તમામના નિર્માતા જ્યોત્તિ સ્વરૂપ પરમેશ્વરની સૃષ્?ટ્રિમાં તમામ મનુષ્?યએ પોતપોતાના કર્તવ્ય કર્મ, ત્યાગભાવથી કરેલા કર્મોથી માનવ લિપ્?ત બનતો નથી.ભગવાનની ભક્તિમાં ગૃહસ્થાશ્રમ નહી,પરંતુ આસક્તિ જ બાધક છે.માનવમાત્રએ બીજાની ઉપર નિર્ભર ના રહેતાં પોતે કર્મ કરીને પોતાના જીવનનો નિર્વાહ કરવો જોઇએ તેવી પ્રેરણા આ પ્રણ આપે છે.

સંત નિરંકારી મિશનનું પાંચમું પ્રણ...અનાધિકારી ગુરૂ દ્વારા જ્ઞાન આપવામાં આવવું જોઇએ નહી. અનાધિકારી ગુરૂ માયા સંચય..વગેરેના માટે જ્ઞાનનો દુરઉપયોગ કરે છે અને જ્ઞાનનો અહંકાર કરવા લાગે છે.અનાધિકારી શિષ્?યને પણ બ્રહ્મજ્ઞાન જેવી પવિત્ર વિદ્યા મળવી જોઇએ નહી,કારણ કેઃતેનાથી સમાજની હાની થવાનો ભય છે.અધિકારી ગુરૂ/પરમ ગુરૂ જ જાણી શકે છે કેઃપરા વિદ્યાનો સાચો અધિકારી કોન છે? ફક્ત ગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્?ત કરવાથી જ કોઇ પૂર્ણ જ્ઞાનવાન બની શકતો નથી,કારણ કેઃબ્રહ્મજ્ઞાનના ત્રણ સોપાન છેઃબ્રહ્મને જાણવો,તેને જીવનમાં ઉતારવું અને બ્રહ્મમય બની જવું..આ ત્રીજી અવસ્થા જ જીવન મુક્તિની અવસ્થા છે..આ પ્રણ ભક્તના જીવનમાં સદગુરૂની મહત્તાનું પ્રતિપાલન કરે છે.

સંત નિરંકારી મિશન માનવ એકતાનું જીવતું જાગતું ઉદાહરણ છે.નાના નાના ગામડાઓ હોય કે મોટા શહેરોમાં આયોજીત થતા વિશાળ સત્સંગના કાર્યક્રમોમાં ભક્તજનો કોઇપણ જાતના ભેદભાવ વિના ભેગા બેસીને પ્રભુચર્ચા કરતા જોવા મળે છે.સત્સંગ બાદ ભોજન ગ્રહણ કરનાર તથા ભોજન વહેચનાર હોય..પાણી પીવડાવનાર અને પાણી પીનાર..ક્યાંય કોઇપણ પ્રકારનો ભેદભાવ જોવા મળતો નથી, તમામ એક સમાન છે.માનવ એકતાનું વાસ્તવિક સ્વરૂપ આજે નિરંકારી મિશન બતાવી રહ્યું છે.ભોજન ગ્રહણ કરતાં પહેલાં બાજુમાં બેઠેલા સંતને ખવડાવીને ખાવું તથા સંત અને સદગુરૂનું ચરણામૃત બનાવીને ગ્રહણ કરવું..વગેરે પરંપરા માનવ એકતાનું જીવન્ત ઉદાહરણ રજૂ કરે છે.

જ્યારે માનવ મનની અંદરની દિવાલો દૂર થાય છે ત્યારે માનવ એકતા સ્થાપિત થાય છે,તે માટે ફક્ત પોતાનો દ્રષ્?ટ્રિકોણ બદલવાની જરૂર છે.એક જ શહેરમાં રહેતા બે અલગ અલગ વ્યક્તિઓ પોતાના મહોલ્લાના નામથી ઓળખાય છે,પરંતુ જ્યારે તે બે વ્યક્તિઓ અન્ય કોઇ શહેરમાં ભેગા થાય છે તો કેટલા બધા પ્રેમથી મળે છે તે સમયે પોતાપણાનો અનુભવ થાય છે તેઓને જ્યારે અન્ય કોઇ વ્યક્તિ તેમનો પરીચય પૂછે છે તો તેઓ કહે છે અમો બંન્ને એક જ શહેરના છીએ.એક જ શહેરમાં અલગ અલગ જગ્યાએ રહેતા હોવા છતાં પોતાના શહેરનું નામ આવતાં જ તમામ અંતર દૂર થઇ જાય છે.આવી જ રીતે એક રાજ્યના બે અલગ અલગ શહેરોમાં નિવાસ કરતા બે વ્યક્તિઓ મુંબઇ જેવી મહાનગરીમાં ભેગા થાય છે ત્યારે તેઓ પોતાના શહેરથી નહી પરંતુ પોતાના રાજ્યથી ઓળખાય છે કે તેઓ ફલાણા રાજ્યના વતની છે. ભલે તેમના પોતાના શહેરો વચ્ચે હજારો કિલોમીટરનું અંતર કેમ ના હોય ! આમ હોવા છતાં પોતાના રાજયનું નામ આવતાં જ એકતા સ્થાપિત થાય છે.જ્યારે ગુજરાત અને પંજાબમાં નિવાસ કરતા બે વ્યક્તિઓ અમેરીકામાં ભેગા થાય છે ત્યારે તેઓ ભારતીય છે આવી ભાવના તેઓના સબંધોમાં પ્રેમનો સંચાર કરે છે.ભલે તેમની વેશભૂષા..ખાનપાન..જાતપાત અલગ કેમ ના હોય પરંતુ ભારતીય હોવાના સબંધે તેઓ પ્રેમના તાંતણે બાંધેલા રાખે છે.આવી જ રીતે એક ભારતીય અને એક પાકિસ્તાની અમેરીકાના કોઇ શહેરમાં ભેગા થાય છે તો તેઓમાં પોતાપણાનો અનુભવ થાય છે કે તેઓ એશિયાઇ ખંડના છે..અને કલ્પના કરો કે આવનારી સદીઓમાં જ્યારે પૃથ્વી સિવાયના અન્ય ગ્રહો ઉપર માનવ જીવન શક્ય બનશે તો તે સમયે ભાવના કેવી બદલાઇ જશે ! અને તે સમયે એક ભારતીય અને એક અમેરીકન આ બે વ્યક્તિઓ અન્ય ગ્રહ ઉપર ભેગા થશે તો કહેશે કે અમે પૃથ્વીના વાસીઓ છીએ.ભલે અમેરીકા અને ભારત વચ્ચે લાખો કિલોમીટરનું અંતર હોવાછતાં..તેમની રીતભાત..પહેરવેશ..બોલી..રંગ રૂપ,આહાર વિહાર અલગ અલગ હોવાછતાં અમો ધરતીના રહેવાસી છીએ...આ દ્રષ્?ટ્રિકોણ અપનાવવાથી તમામ ભિન્નતા હોવા છતાં એકતા સ્થાપિત થાય છે.

વર્તમાન સમયમાં સંત નિરંકારી મિશન માનવ મનનો દ્રષ્?ટ્રિકોણ વિશાળ બનાવી રહ્યું છે. બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને અંન્તર્મનના ભાવોને બદલાવી રહ્યું છે.મન બદલાય તો સ્વભાવ બદલાય છે.. વિચાર બદલાય છે..વિચાર બદલાય તો જીવન જીવવાની રીત બદલાય છે.જીવનની દિશા યોગ્ય હોય તો પછી દશા આપોઆપ બદલાય છે.દરેક પ્રાણીમાત્રમાં એક પ્રભુ પરમાત્માનાં દર્શન થાય છે.પછી તે બોલી ઉઠે છે કેઃ

અવ્વલ અલ્લાહ નૂર ઉપાયા કુદરત દે સબ બંદે,
એક નૂર તે સબ જગ ઉપજીયા,કૌન ભલે કૌન મન્દે..!!

સંકલનઃ
સુમિત્રાબેન ડી.પરમાર નિરંકારી
છક્કડીયા,પોસ્ટઃધાણીત્રા,તા.ગોધરા
Sumi7875@gmail.com



ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 0002

વિષય- "યાદો ૨૦૨૧"વીતેલા વર્ષની ખટ્ટી મીઠ્ઠી યાદો"

શબ્દ -૯૦

શીર્ષક એવું કંઈક કરીએ

એવું કંઈક કરીએ
જૂનું વાગોળીને શાને પીડા આપવી જાતને!
માં□ાનો મહાદેવ રાજી રહે ,
એવું કંઈક કરીએ....
જગતને રાજી રાખવા શાને મથીએ આપણે!
મનમાં ઉમંગ રહે,
એવું કંઈક કરીએ..
પીડાદાયક સ્મૃતિથી પાંગરેલા કચવાટને,
પીડા મલમ બની રહે, એવું કંઈક કરીએ..
અપમાનિત થવાની લાગણીનાં ક્ષોભને,
મનનાં વલોપાત ન રહે ,
એવું કંઈક કરીએ....
ક્યાં સુધી સ્થગિત થઈને રહીશું આપણે!
ભ્રમણા ભાંગી રહે ,
એવું કંઈક કરીએ....
ભાદરવામાં સ્મૃતિઓનું
સ્નાન કરી ભેગાભેગું,
યાદોને તર્પણ કરી દઈએ,
એવું કંઈક કરીએ .....
અંતરાત્માની શાંતિ માટે એ 'નિયતી',
જીવનને જોમથી ભરી દઈએ
એવું કંઈક કરીએ....

જીજ્ઞા કપુરિયા 'નિયતી'

---

NOG.SS NO : 0032

વિષયઃ-વીતેલા વર્ષની ખાટીમીઠી યાદો

શીર્ષકઃ- ડિસેમ્બરની એક સવાર

ઠેર ઠેર ઉડતી શાન્તાક્લોઝની લાલ ટોપીઓ,
અને ઉપરથી ઝળુંબી રહ્યો આ મેહૂલો
ડિસેમ્બરની કાળજા થિજાવી દે એવી ઠંડી,
અને ઉપરથી ઝળુંબી રહ્યો આ મેહૂલો.
સ્વેટર સાથે આ છત્રીઓ લાગે કંઈક રુડી,
અને ઉપરથી ઝળુંબી રહ્યો આ મેહૂલો.
વેરવિખેર થયો શાન્તાનો ડાહ્યો ડિસેમ્બર,
અને ઉપરથી ઝળુંબી રહ્યો આ મેહૂલો.
લાગે છે આજ હીલ સ્ટેશનની સવારી,
અને ઉપરથી ઝળુંબી રહ્યો આ મેહૂલો.
શિયાળા અને ચોમાસાની જામી છે સંગત,
અને ઉપરથી ઝળુંબી રહ્યો આ મેહૂલો.
સાથે જામી છે ભજીયા પકોડાની રંગત,
અને ઉપરથી ઝળુંબી રહ્યો આ મેહૂલો.
આજ લાઈન લાગી છે ગાંઠીયા રથ પર,
અને ઉપરથી ઝળુંબી રહ્યો આ મેહૂલો.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

NOG SS NO - 0068

વિભાગ - પદ્ય

શબ્દ - વીતેલા વર્ષની યાદો!

શીર્ષક - ખબર નથી પડતી..

આજ કાલ શું લખું એ ખબર નથી પડતી,
સાચું લખું ખોટું લખું કંઈ ખબર નથી પડતી.
આજ કાલ શું કહું એ ખબર નથી પડતી,
સારું કહું ખરાબ કહું કંઈ ખબર નથી પડતી.
આજ કાલ શું ખાઉં એ ખબર નથી પડતી,
પીઝા ખાઉં રોટી ખાઉં કંઈ ખબર નથી પડતી.
આજ કાલ કોના પર વિશ્વાસ કરું એ ખબર નથી પડતી,
પોતાનાં પર કરું કે બીજા પર કંઈ ખબર નથી પડતી.
આજ કાલ શું સાંભળું એ ખબર નથી પડતી,
આત્મહત્યા સાંભળું કે બળાત્કાર કંઈ ખબર નથી પડતી.
આજ કાલ કોનાથી મળું? એ ખબર નથી પડતી,
સચ્ચાઈથી મળું કે પોતાનાથી મળું! કંઈ ખબર નથી પડતી.
આજ કાલ શું જોઉં એ ખબર નથી પડતી,
લુચ્ચાઈ જોઉં કે અંધશ્રદ્ધા કંઈ ખબર નથી પડતી.
આજ કાલ કેવા માર્ગ પર ચાલું એ ખબર નથી પડતી,
ફૂલ પર ચાલું કે કાંટા પર કંઈ ખબર નથી પડતી.
આજ કાલ શું ભૂલું એ ખબર નથી પડતી,
વીતેલા વર્ષને ભૂલું કે નવા વર્ષને અપનાવું? કંઈ ખબર નથી પડતી.
આજ કાલ મરું કે જીવું એ ખબર નથી પડતી,
કોના માટે મરું કોના માટે જીવું કંઈ ખબર નથી પડતી.
કહે ' ચાંદ '
વિચાર કરું કે કલમ ચલાવું એ ખબર નથી પડતી,
લખતાં લખતાં વર્ષ પુરું થઈ ગયું કંઈ ખબર નથી પડતી.

નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"
માંડવી કચ્છ


એ જીંદગી મારે હવે તને રોજ રોજ જીવી છે
છોડી ચિંતા ભવિષ્યની હવે મારે તને વર્તમાનમાં જીવી છે
ખોટા પડે છે બધા ભવિષ્યના પ્લાનિંગ હવે
કુદરતના હાથે લાચાર ક્યારે થઈ જવાય એની કોને ખબર છે
કાલે શું થાશે એની કોને ખબર છે
એટલે જ જિંદગી મારે હવે
તને રોજ રોજ માણવી છે
ભવિષ્ય ની ચિંતા છોડી
વર્તમાનમાં જીવી છે
એ મારી જીંદગી મારે તને હવે દરરોજ
તહેવાર ની જેમ માણવી છે
મૌસમ ભલે ગમેતે હોય મારે તો તને વસંત ની જેમ સદાય ખીલેલી જ માણવી છે
હવે ભરોસો આ મૌસમ નો પણ ક્યાં રહીયો છે
ઋતુ પ્રમાણે એ પણ ક્યાં આવે છે હવે
જીંદગી ના બદલાય ગયા છે બધા નિયમ હવે
જીવન છે એજ નિયમ છે જીંદગી નો હવે
હવે તો મારે તને રોજ રોજ જીવી છે
જેવી છો એવી જ હવે મારે તને રોજ માણવી છે
છોડી ચિંતા ભવિષ્ય માં જે થવું હોય તે થાય
મારે તો હવે જીંદગી તને હવે વર્તમાન જીવી છે
બદલાયેલી રીત આ અપનાવી
નવી રીત થી જીંદગી જીવી છે
ભેગું કરવાનું છોડીને વાપરવામાં જીવી છે
અફસોસ સાથે નહીં ઉત્સાહ સાથે જીંદગી હવે જીવી છે
છોડી ચિંતા બધી ભવિષ્યની તને હવે જીંદગી મારે વર્તમાન માં જીવી છે
એ જીંદગી તને હવે મારે રોજ રોજ જીવી છે
જેવી પણ છે મારે હવે તને દરરોજ માણવી છે
એ જીંદગી તને હવે મારે રોજ રોજ જીવી છે
હેતલ. જોષી... રાજકોટ


## દિલ્હીની ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી દ્વારા પશુ કલ્યાણ અંગેના ડિપ્લોમા કોર્સની શરૂઆત

ignou THE PEOPLE'S UNIVERSITY

વર્ષ ૧૯૮૫માં સંસદના અધિનિયમ દ્વારા સ્થપાયેલી ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU) એ સર્વસમાવેશક શિક્ષણ દ્વારા સર્વસમાવેશક જ્ઞાન સમાજનું નિર્માણ કરવા સતત પ્રયત્નશીલ છે. તેણે ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ (ODL) મોડ દ્વારા ઉચ્ચ-ગુણવત્તાનું શિક્ષણ આપીને ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) વધારવાનો પ્રયાસ કર્યો છે. યુનિવર્સિટીએ વર્ષ ૧૯૮૭માં બે શૈક્ષણિક કાર્યક્રમો ઓફર કરીને શરૂઆત કરી, ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ અને ડિપ્લોમા ઈન ડિસ્ટન્સ એજ્યુકેશન, જેમાં ૪,૫૨૮ વિદ્યાર્થીઓ હતા. આજે, આ યુનિવર્સિટી લગભગ ૨,૦૦૦ લર્નર સપોર્ટ સેન્ટર્સ અને ૨૦ વિદેશી સંસ્થાઓ દ્વારા ભારત અને અન્ય દેશોમાં ૩૦ લાખથી વધુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક આકાંક્ષાઓ પૂરી કરે છે. યુનિવર્સિટી લગભગ ૨૦૦ પ્રમાણપત્રો, ડિપ્લોમા, ડિગ્રી અને ડોક્ટરલ પ્રોગ્રામ ઓફર કરે છે, જેમાં લગભગ ૨૫૦ ફેકલ્ટી સભ્યો અને ૨૩૦ શૈક્ષણિક સ્ટાફ મુખ્ય મથક અને પ્રાદેશિક કેન્દ્રો અને ઉચ્ચ શિક્ષણ, વ્યાવસાયિક સંસ્થાઓ અને ઉદ્યોગોની પરંપરાગત સંસ્થાઓના ૩૫,૦૦૦ થી વધુ શૈક્ષણિક સલાહકારો છે.

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી દ્વારા પશુ કલ્યાણ વિષય પર ડિપ્લોમા કોર્સની શરૂઆત કરવામાં આવી છે. પશુ કલ્યાણ વિષય એ કાયદાના ધોરણો, નૈતિકતા અને વિજ્ઞાનની દ્રષ્ટિએ ઝડપથી વિકાસ પામી રહ્યો છે. ઈન્દિરા ગાંધી યુનિવર્સિટી દ્વારા આ કોર્સની શરૂઆત કરવા પાછળનો હેતુ ઓપન અને ડિસ્ટન્સ લર્નિંગ દ્વારા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પશુ કલ્યાણ શીખવવાનો છે. આ કોર્સનો સમયગાળો ૧ થી ૩ વર્ષ સુધીનો છે, જેની ફી રૂ. ૫૪૦૦/- છે. જાન્યુઆરી અને જુલાઇ બંને મહિનાઓથી આ કોર્સની શરૂઆત કરી શકાય છે. આ કોર્સના વિષયોમાં પશુ કલ્યાણ નીતિશાસ્ત્ર , પશુ કલ્યાણની સમસ્યા, પશુ કલ્યાણને લગતા કાયદા, નીતિઓ અને તેને લગતી સંસ્થાઓ, પશુ કલ્યાણ અંગેનું અર્થશાસ્ત્ર અને આજીવિકાનો સમાવેશ થાય છે.

આ કોર્સ સંશોધકો, શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલી વ્યક્તિઓ, અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ, કેન્દ્ર અને રાજ્ય સરકારના વેટરનરી વિભાગમાં કાર્ય કરતાં કર્મચારીઓ, ભારતીય પશુ કલ્યાણ બોર્ડના સભ્યો, સિવિલ સર્વન્ટસ, ઝૂલોજિ વિભાગના ઓફિસરો, પશુ કલ્યાણ સંસ્થાઓ/ દ્વર્ઈમાં કાર્ય કરતાં કર્મચારીઓ, પ્રાણી પ્રેમીઓ તેમજ પાલતુ પશુ ધરાવનાર વ્યક્તિઓ કરી શકે છે. આ પ્રોગ્રામ અંગેના

કો-ઓર્ડિનેટર પ્રો. પી. વી. કે. શશીધર છે. આ કોર્સ અંગેની વધુ માહિતી મેળવવા માટે pvksasidhar@ignou.ac.in / મો. ૯૯૧૦૦૫૦૪૧૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમ જમીનના પૂર્વ જમીન માલિક સાહિત્યકાર સામાજિક કાર્યકર ડૉ ગુલાબ ચન્દ પટેલ ને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ



અમદાવાદ ના મોટેરા ગામના નરેંદ્ર મોદી સ્ટેડિયમ ના પૂર્વા જમીન માલિકહિન્દી ગુજરાતી કવિ લેખક અનુવાદક ,વ્યસન મુક્તિ અભિયાન પ્રણેતા ,મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ્સ પ્રોગ્રામ યોજનર ,ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરી ટ્રેબલ ટ્રસ્ટ ના પ્રમુખ ,મહાત્મા ગાંધી સાહિત્ય મંચ ગાંધીનગર ના રાષ્ટ્રીય અધ્યક્ષ,ઉમિયા ગૌ શાળા એવાં ગુરુકુળ ગાંધીનગર ના પ્રમુખ,નિરલા સાહિત્ય અકાદમી નગદા જંકશન મધ્યપ્રદેશ ના ગુજરાત અધ્યક્ષ ,સામયિક પરિવેશ હિન્દી પત્રિકા દિલ્લી ના ગુજરાત રાજય પ્રભારી ,હિન્દી રાષ્ટ્ર ભાષા પ્રચાર સમિતિ અમદાવાદ ના કાર્યકારીની સદસ્ય ,ભારતીય ગૌ શાળા એવમ ગુરુકુળ અનુસંધાન સંસ્થાન નોઈડા નવી દિલ્લી સંસ્થાના ગુજરાત અધ્યક્ષ,ભારત માતા અભિનંદન સંગઠન સંસ્થા હરિયાણા ના ગુજરાત અધ્યક્ષ,ડૉ ગુલાબચંદ પટેલ ને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત થયો છે.

ડૉ પટેલ ને આ ઍવોર્ડ રામાયણ પર વિશ્વના સર્વ શ્રેષ્ઠ લાંબા ઑન લાઇન કવિ સમ્મેલન માં ભાગ લઈ શ્રી રામ ની કવિતા હિન્દી માં પ્રસ્તુત કરવા બદલ પ્રાપ્ત થયો છે.આ કાર્યક્રમ માં વિશ્વ ના અઢીસો થી વધારે કવિઓ,ફિલ્મ કલાકારો અને રચનકારો એ પોતાની મૌલિક રચનાઓ પ્રસ્તુત કરી છે.કવિ ડૉ ગુલાબ ચંદ પટેલ બે દસકા થી સાહિત્યિક,સામાજિક અને પત્રકારત્વ માં પોતાનું યોગદાન આપી રહ્યા છે.તેઓએ પત્રકારિતા લેખન ગાંધીનગર સમાચાર ,વોઇસ ઓફ ગાંધીનગર ,લોક સ્મૃતિ ખેરાલુ માં પોતાનું યોગદાન આપ્યું છે.અહી ઉલ્લેખનીય છે કે તેઓ કેપિટલ વર્તમાન ન્યુસ પત્રિકા ના કવિ લેખક છે.તેઓના હિન્દી ગુજરાતી માં દશ એક પુસ્તકો પ્રકાશિત થયા છે.તેઓની રચનાઓ આલેખ અને શોધ પત્રો આપણ મોટી સંખ્યા માં પબ્લિશ થયા છે.તેઓ ઓલ ઈન્ડિયા રેડિયો ભુજ અને અમદાવાદ આકાશવાણી માં પોતાનો કાર્યક્રમ આપી ચૂક્યા છે.તેઓએ શાશકીય સ્નાતકોત્તર મહા વિધ્યાલય દતિયા મધ્યપ્રદેશ મુખ્ય અતિથિ તરીકે અને ,ગઢ કોટા સાગર શાશકીય સ્નાતકોત્તર મહા વિધ્યાલય માં આયોજિત ઑન લાઇન વેબિનરો માં પોતાનું વક્તવ્ય આપી ચૂક્યા છેઑસ્ટ્રેલિયા સૃજન સંસ્થા દ્વારા મોરેસિયસ થી આયોજિત .આંતરરાષ્ટ્રીય ઓન લાઇન સેમિનારો માં પણ તેઓએ ભાગ લઈ પ્રમાણ પત્ર પ્રાપ્ત કરી ચૂક્યા છે.

તેઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ દ્વારા ચાલતી ડૉ બાબા સાહેબ આંબેડકર ચેર દ્વારા આયોજિત ઑન લાઇન વેબીનાર માં ડૉ આંબેડકર ની કર્યા શૈલી વિષય માં પોતાનું પ્રવચન આપી ચૂક્યા છે, અ સંખ્ય સંસ્થાઓ માં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી ચૂક્યા છે,મહાત્મા ગાંધી નું જીવન દર્શન અને તેઓની દક્ષિણ આફ્રિકા યાત્રા વિષે પ્રવચન ઓન લાઇન સંગોસ્ઠીયો માં આપી ચૂક્યા છે.

કોરોના મહામારીની સાહિત્ય અને સામાજિક અસરો પર તેઓએ ઓન લાઇન વેબીનાર માં પ્રવચન આપ્યું છે.શાસકીય મહા વિધ્યાલય ગ્રંધ મુનિ મહા વિધ્યાલય માં માદક દ્રવ્યો ની શારીરિક આર્થિક અને માનસિક અસરો પર આયોજિત ઓન લાઇન રાષ્ટ્રીય કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પોતાનું સ્થાન સોભાવી પ્રવચન આપી ચૂક્યા છે,ગુજરાત નું ગૌરવ વધાર્યું છે.તેઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સાહિત્ય માં ૪૦૦ થી વધુ અને સામાજિક કાર્યમાં એકસો થી વધુ પુરસ્કાર અને સન્માન પ્રાપ્ત થયા છે.આદરણીય રાજય પાલ ડૉ કમલા બેનિવાલ ગુજરાત ના કર કમળો થી ધરતી રત્ન ઍવોર્ડ - ૨૦૧૧ રૂપિયા ૫૦૦૦ ની ધન રાશિ સન્માન પત્ર અને શાલ સાથે પ્રાપ્ત કરી ચૂક્યા છે,આદરણીય નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા મહાત્મા ગાંધીજી ની જન્મ ભૂમિ પોરબંદર ખાતે સન્માનીત થયા છે.પૂજ્ય આંતરરાષ્ટ્રીય કથાકાર રમેશભાઈ ઓઝા દ્વારા પોરબંદર ખાતે સન્માનીત થયા છે,પૂજ્ય પ્રમુખ સ્વામિ મહારાજ,મોરારી બાપુ અને ૐ શાંતિ ના કૈલાશ દીદી ના હાથે સન્માનીત થયા છે,

મહાત્મા ગાંધી સાહિત્ય મંચની લોક ડાઉન માં સ્થાપના દ્વારા ગુજરાત ના સ્થાપના દિને ઓન લાઇન કવિ સમ્મેલનો ની શરૂઆત સૌ પ્રથમ કરવામાં આવી છે,લગભગ ૫૦ થી વધુ ગુજરારતી અને હિન્દીમાં કવિ સમ્મેલનો યોજી ૨૦૦૦ થી કવિઓને સન્માનીત કર્યા છે.ગુજરાત બહાર વસતા ગુજરાતી કવિઓને બહાર લાવી સંમ્માનિત કર્યા છે.માનનીય મુખ્ય મંત્રી શ્રી વિજય રૂપાણી દ્વારા સંસ્થાના પ્રમુખ ડૉ ગુલાબ ચંદ પટેલ ને અને સંસ્થાને અભિનંદન પત્ર પાઠવ્યા છે, મહાત્મા ગાંધી સાહિત્ય માચ ની બિહાર, હરિયાણા ,મહારાષ્ટ્ર,કર્ણાટક,ગાંધીનગર અમદાવાદ અને પંજાબ શાખાઓ દ્વારા હિન્દી ના પ્રચાર નું કાર્ય થઈ રહ્યું છે? ભારત સરકાર ના માનવ સંસાધન અને વિકાશ મંત્રાલય કેન્દ્રિય હિન્દ નિદેશાલય દ્વારા આયોજિત હિન્દી સાહિત્ય સિવીરો , હરિદ્વાર, દાર્જીલિંગ તિરુવનતમપુરમ,હૈદરાબાદ અને પૂના ખાતે ઉપસ્થિત રહી સમ્માન પત્ર પ્રાપ્ત કર્યા છે.હિન્દી સાહિત્ય સમ્મેલન પ્રયાગ દ્વારા દર વર્ષે યોજાતા હિન્દી કવિ સમ્મેલનો માં મુંબઈ,નાગપુર અને શિલોંગ નેહુ યુનિવર્સિટી ખાતે ઉપસ્થિત રહી પોતાના આલેખ પ્રસ્તુત કર્યા છે.ડૉ પટેલ ને વિદેશમાં ફ્રાંસ ,બેલ્જિયમ અને જર્મની ખાતે યોજાનાર હિન્દી સાહિત્ય સમ્મેલન માં ઉપસ્થિત રહેવા નિમંત્રણ મળ્યું હતું પરંતુ કોરોના મહામારી ને કારણે કાર્યક્રમ સ્થગિત થયેલ છે,શ્રી ડૉ પટેલ ને ખાંભોળજ સાહિત્ય સેવા સંસ્થા ના અધ્યક્ષ શ્રી શૈલેષ વાણિયા દ્વારા અભિનંદન પાઠવવામા આવ્યા છે.

ડૉ ગુલાબ ચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય મંચ મો ૮૮૪૯૭૯૪૩૭

## જીટીયુ અને ઉચ્ચ શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે એનએનએસ પ્રોગ્રામ ઓફિસર્સ માટે પ્રશિક્ષણ વર્કશોપનું આયોજન કરાયું




રાજ્યની સૌથી મોટી ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ટેક્નિકલ શિક્ષણની સાથે-સાથે રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) અંતર્ગત પણ સમાજ ઉત્થાનના તમામ પ્રકારના કાર્યો કરવામાં આવે છે. તાજેતરમાં જગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) અને ઉચ્ચ શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે એનએનએસ પ્રોગ્રામ ઓફિસર્સ માટે પ્રશિક્ષણ વર્કશોપનું આયોજન જીટીયુ ખાતે કરવામાં આવ્યું હતું. જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ અધ્યક્ષ સ્થાને હાજર રહીને કાર્યક્રમે ખૂલ્લો મુકતાં જણાવ્યું હતું કે, રાષ્ટ્ર પર આવી પડેલ દરેક આપત્તિની ક્ષણમાં જીટીયુ એનએનએસ ઓફિસર્સ હરહંમેશ ખડેપગે રહીને રાષ્ટ્ર નિર્માણમાં કાર્યરત રહ્યાં છે. મુખ્ય મહેમાન પદે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના નાયબ શિક્ષણ નિયામક શ્રી મહેશ મહેતા , અતિથી વિશેષ અને સાઈબર ક્રાઈમ ડિસીપી શ્રી અમિત વસાવા, ડિટીઈના પૂર્વ જોઈન્ટ કમિશનર ડૉ. કે. આર. પરમાર અને એનએનએસ રીજનલ ડાયરેક્ટર શ્રી ગીરધરભાઈ ઉપાધ્યાય સહિત જીટીયુના કુલસચિવ ડૉ. કે. એન. ખેર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમને સંબોધતા શ્રી મહેશ મહેતાએ જણાવ્યું હતું કે , શ્રેષ્ઠ ભારતના નિર્માણમાં એનએનએસ પ્રોગ્રામ ઓફિસર્સનું બહુમૂલ્ય યોગદાન છે. જીટીયુ પણ સમયાંતરે આ પ્રકારના વર્કશોપનું આયોજન કરીને દરેક ક્ષેત્રમાં સમાજ ઉપયોગી કાર્યો કરવામાં અગ્રેસર રહ્યું છે. વિશેષમાં તેમણે આઝાદી કે અમૃત્ત મહોત્સવ અંતર્ગત શ્રેષ્ઠ ભારત કે ૫ પ્રકલ્પ જેવા કે નશાબંધી , કોરોના નાબૂદી અને રસીકરણ , ગૌ-આધારીત ખેતી , સ્વાતંત્ર સેનાનીઓનું યોગદાન , જળસંચય અને પર્યાવરણ વિષય પર વકત્વ્ય આપ્યું હતું. સાયબર ક્રાઈમ ડીસીપી શ્રી અમિત વસાવાએ પણ વર્તમાન સમયમાં જોવા મળતાં વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ અને તેનાથી કેવી રીતે બચવું વગેરે બાબતે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ , મેન્ટલ હેલ્થ વગેરે વિષયો પર ભાગ લેનારા એનએનએસ ઓફિસર્સને તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપમાં ૧૦૦થી વધુ ઓફિસર્સે ભાગ લિધો હતો. જેમને સર્ટીફિકેટ્સ આપીને સન્માનવામાં આવ્યા હતાં. વર્કશોપના સફળ આયોજન બદલ જીટીયુના કુલપતિ અને કુલસચિવશ્રીએ જીટીયુ એનએસએસ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડૉ. અલ્પેશ દાફડા અને શ્રી મિથિલા પટેલને આ બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

## સંરક્ષણ સચિવે સુરતના NCC યુનિટની મુલાકાત લીધી



અમદાવાદ

ભારત સરકારના સંરક્ષણ સચિવ ડૉ. અજય કુમાર, IAS એ ૨૮ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સુરત ખાતે NCC ગ્રૂપ હેડક્વાર્ટર, વડોદરાના NCC ઈન્સ્ટિટ્યુશનની મુલાકાત લીધી હતી અને અધિકારીઓ, સ્ટાફ તેમજ NCC કેડેટ્સ સાથે સંવાદ પણ કર્યો હતો. સંરક્ષણ સચિવના આગમન સમયે તેમને ગર્લ NCC કેડેટ્સ દ્વારા "ગાર્ડ ઓફ ઓનર" આપીને આવકારવામાં આવ્યા હતા.

NCC ગ્રૂપ હેડક્વાર્ટર, વડોદરાના ગ્રૂપ કમાન્ડર બ્રિગેડિયર ડી.એસ. રાવતે સંરક્ષણ સચિવનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સંરક્ષણ સચિવે ઉપસ્થિતોને સંબોધન કર્યું હતું અને ભારતના એકરૂપ, પ્રેરિત, તાલીમબદ્ધ અને હેતુપૂર્ણ યુવાનોના સૌથી મોટા સંગઠન તરીકે NCC ની કામગીરી અંગે વાત કરી હતી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે NCC દેશમાં યુવા ચળવળ માટેનું મિશન છે જે ધર્મ નિરપેક્ષતા, રાષ્ટ્રીય અખંડિતા અને નિઃસ્વાર્થ સેવા દ્વારા રાષ્ટ્રને ખૂબ જ મોટી સેવા પ્રદાન કરે છે. ડૉ. અજય કુમારે એ બાબતે પ્રકાશ પાડ્યો હતો કે, NCC નો પ્રારંભ થયો ત્યારથી દેશના યુવા નાગરિકોમાં પાત્રતા, નેતૃત્વ, કમાન્ડરશીપ, શિસ્ત, સાહસની ભાવના અને નિઃસ્વાર્થ સેવાના આદર્શો વિકસાવવા માટે અગ્રમોરચે રહે છે અને ભવિષ્યની આશા રજૂ કરનારા તેમજ દેશ માટે અમૂલ્ય સંપત્તિ સમાન દેશના યુવાનોના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

સંરક્ષણ સચિવે ગુજરાત, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ NCC નદેશાલયના કેડેટ્સ દ્વારા અધિક મહાનિદેશક મેજર જનરલ અરવિંદ કપૂરના માર્ગદર્શન હેઠળ યોગદાન કવાયત, સ્વચ્છ ભારત અભિયાન, આઝાદીનો અમૃત મહોત્સવ, રક્તદાન અને #EkMaiSauKeLiye ટ્વીટર અભિયાન દ્વારા પર કોવિડ-૧૯ અંગે જાગૃતિ ફેલાવવા જેવા વિવિધ કાર્યક્રમો દરમિયાન સાથી દેશવાસીઓને સ્વેચ્છાએ અને નિઃસ્વાર્થ ભાવના સાથે પૂરી પાડવામાં આવતી સેવાઓની પ્રશંસા કરી હતી. તાજતેરમાં, #PuneetSagar અભિયાન અને નંદી ઉત્સવ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી અને ગુજરાત, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ NCC નિદેશાલયના કેડેટ્સે બીચ અને નદી કાંઠા પરથી પ્લાસ્ટિકનો કચરો સાફ કરવામાં તેમજ પ્રદૂષણ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવામાં મુખ્ય ભૂમિકા નિભાવી હતી.

સંરક્ષણ સચિવે જણાવ્યું હતું કે, મહામારીના સમય દરમિયાન પણ NCC નિદેશાલય દ્વારા સફળતાપૂર્વક સમાજ સેવા અને સામુદાયિક વિકાસની પ્રવૃત્તિ એટલે કે, #EkMaiSauKeLiye ના સાત તબક્કા પૂરા કરવામાં આવ્યા તે ખરેખરમાં દિલને સ્પર્શી જાય તેવી બાબત છે. આ સિદ્ધિને લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા પણ બિરદાવવામાં અને માન્યતા આપવામાં આવી છે અને નિદેશાલયને "સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટ" (પ્રતિબદ્ધતા પ્રમાણપત્ર)થી સન્માનિત કરવામાં આવ્યું છે. ટ્વીટર પર, #EkMaiSauKeLiye અભિયાનને સૌથી વધુ જોવામાં આવ્યું છે એ બાબત જ દર્શાવે છે કે, દેશભરમાં જાગૃતિ ફેલાવવા માટે આ અભિયાન સૌથી વધારે લોકપ્રિય છે. તેમણે ૧૭ નિદેશાલયોમાંથી ટ્વીટર પર સૌથી વધારે સંખ્યામાં ફોલોઅર્સ ધરાવવા બદલ પણ નિદેશાલયની પ્રશંસા કરી હતી. તેમણે એ બાબતે પણ પ્રકાશ પાડ્યો હતો કે, ડિજિટલ ફોરમ અને NCC એલ્યુમનિ એસોસિએશનની તાજેતરની પહેલ ચોક્કસપણ NCC ને નવી ઊંચાઇઓ સુધી લઇ જશે.

સંરક્ષણ સચિવે તાલીમના ઉચ્ચ ધોરણે સુનિશ્ચિત કરવા માટે અને તાલીમની માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવા માટે નિદેશાલય દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી, જેનાથી ભવિષ્યમાં ઘણા ઉન્નત લાભો પ્રાપ્ત થશે.

'આપણે અવશ્યપણે આપણી જાતને ફરી સમર્પિત કરીએ અને NCC ના મુદ્રાલેખ "એકતા અને શિસ્ત" અનુસાર જીવવાનો સંકલ્પ લઈએ' તેવો પુનરુચ્ચાર કરીને તેમણે પોતાની વાતનું સમાપન કર્યું હતું અને તમામ અધિકારીઓ, સ્ટાફ તેમજ NCC કેડેટ્સને શુભેચ્છાઓ પાઠવી હતી.

### જન્મ દિવસના અભિનંદન...

## અમેરીકા-કેલિફોર્નિયાના શ્રીમતી રોહિણીબા અને પ્રણવ દેસાઈના માતૃશ્રી ઉમાશશી દેસાઈનો ૮૫ મો જન્મ દિવસ ખૂબજ આનંદપૂર્વક સંપન્ન થયો



અમેરીકા-કેલિફોર્નિયાના શ્રીમતી રોહિણીબા અને પ્રણવ દેસાઈના માતૃશ્રી ઉમાશશી દેસાઈનો ૮૫ મો જન્મ દિવસ ખૂબજ આનંદપૂર્વક સંપન્ન થયો. વિશાળ મિત્ર વૃંદ અને સિનીયર સંસ્થાઓના વડીલો,કુટુંબીજનોએ હાજરી આપી જન્મદિવસને આનંદોત્સવ તરીકે મનાવી ખુશી વ્યક્ત કરી. પરીવાર તરફથી પૌત્રી ઉદીતિ અને પૌત્ર વિશ્રમ દ્વારા સૌને મીઠો આવકાર આપવામાં આવેલ... શ્રીમતિ રોહિણીબેન અને ઉદીતિ એ સુંદર નૃત્ય દ્વારા ઉમાશશીબેનને હૉલમાં આવકાર આપ્યો.. જ્યારે પ્રણવભાઈએ પ્રાસંગોચીત રૂપે ઉમાબેનના અભ્યાસ, રાજકિય કારકીર્દી ,પત્રાકારત્વની કારકીર્દી, યુ.એસ.માં આગમન -કૌટુંબીક જવાબદારી વગેરેનું સુંદર અવલોકન વ્યક્ત કર્યું...હૈદરાબાદની રાજકીય યાત્રા, મુંબઈનું સામાન્ય જીવન, × જન્મભૂમિ × ન્યુઝ પેપર સાથેના સ્મરણો, ચીખલીનું બાળપણ વગેરેનું વર્ણન સાહજીક રીતે રજુ કર્યું.આ પ્રસંગે ખાસ × આરાધના મ્યુઝિક × ના ડૉ.ધિરેન બુચ અને તેમની પુત્રી ના સહયોગથી સુંદર ગીતોની રજુઆતે પાર્ટીમાં રોનક લાવી દીધી હતી... આ પ્રસંગે ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ ( GSFC ) કેલિફોર્નિયા ના સભ્યો દ્વારા ઉમાશશીબેન ને જન્મ દિવસના પ્રતિક રૂપે , તથા સન્માન રૂપે અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.... સુંદર ભોજનને ન્યાય આપી સુંદર સંભારણા રૂપે સૌએ વિદાય લીધી... આ તબક્કે ઉમાશશીબેને સૌનો આભાર વ્યક્ત કરી ઋણાનુંબંધનનો સ્વીકાર કર્યો હતો...

( માહિતીઃ હર્ષદરાય શાહ અને તસ્વિરઃ કાન્તિભાઈ મિસ્ત્રી, કેલિફોર્નિયા )

### પ્રજાની સુખાકારીમાં વધારો થાય તે દિશા રાજ્ય સરકાર કામ કરી રહી છે.- સાંસદશ્રી જુગલજી ઠાકોર

## મોડાસાના ભામાશા હોલ ખાતે રાજ્યસભાના સાંસદશ્રીની અધ્યક્ષતામાં સુશાસન સપ્તાહનો પાંચમો દિવસ ઉજવાયો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્ય સરકારના સુશાસન સપ્તાહના અન્વયે સામજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને આદિજાતી વિભાગ દ્વારા આયોજીત પાંચમાં દિવસે અરવલ્લી મોડાસાના ભામાશા હોલ ખાતે રાજ્યસભાના સાંસદશ્રી જુગલજી ઠાકોરની ઉપસ્થિતિમાં જીલ્લાના લાભાર્થીઓને રાજ્ય સરકારની યોજનાઓના લાભો તથા મંજૂરી પત્રાકોનું વિતરણ કરીને લાભાન્વિત કરાયા.

આ પ્રસંગે સાંસદશ્રી જુગલજી ઠાકોર પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું કે, માં ભોમની રક્ષા કાજે બોર્ડર પર દેશના જવાનો પોતાની છાતી પર ગોળી ખાવા માટે તૈયાર રહે છે. માં ભોમની રક્ષા કરવા માટે દેશનો દરેક સૈનિક શહીદી વહોરે છે. આપણા દેશના વીર જવાનોથી ભારત માતા અને આપણે સૌ સુરક્ષિત છીએ. જવાનો ઠંડી હોય કે ગરમી હોય કે બરફ પડે તોપણ આવી પરિસ્થિતિઓમાં તે પોતાની ફરજ બજાવવા માટે ખડેપગે રહેતા હોવાનું જણાવ્યું હતું

તેમણે રાજ્યમાં સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત સામજિક ન્યાય ને અધિકારિતા અને આદિજાતિ વિભાગની વાત કરતા કહ્યુ હતુ કે, આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪થી દિલ્લીની સત્તા સંભાળી ત્યારથી તેમણે એક સંકલ્પ કર્યો હતો કે, સુશાસનમાં પારદર્શકતા હોવી જોઈએ. આજે તેમની અધ્યક્ષતામાં તથા તેમના કદમથી કદમ મિલાવીને ચાલી રહેલા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજ્યનું નેતૃત્વ કરી રહ્યા છે. ત્યારે તેમણે પણ રાજ્યને સર્વશ્રેષ્ઠ બનાવવા માટે ખુબ જ સારા કાર્યો કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લાનાં દરેક અધિકારી કર્મચારીશ્રીઓ પ્રજાના દરેક પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે કટીબદ્ધ છે. તેઓ સારી કામગીરી કરીને જિલ્લાની પ્રગતિમાં વધારો કરી રહ્યા છે. રાજ્ય સરકારે દરેક સ્થળનું પરિભ્રમણ કરીને પ્રજાની સુખાકારીમાં વધારો થાય તે દિશા તરફ આગળ વધી રહી છે.

તેમણે વધુ વાત કરતા જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રીના પેપરલેસ કામગીરી કરવા માટેના નિર્ણયને બિરદાવું છું. રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગોને વિવિધ પ્રકારના સાધનોની સહાયો પૂરી પાડી છે. વૈશ્વિક મહામારીને ધ્યાને લઈને જેને પણ કોરોનાની રસી લીધી નથી તેમણે રસીકરણ કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણે જણાવ્યું કે, સુશાસન દિવસને ઉજવવાનું કાર્ય સરકાર વર્ષોથી કરતી આવી છે. પ્રજાના સુખ દુઃખમાં ઉભી રહેનારી આ સરકાર છે. આઝાદીમાં જલિયાંવાલા બાગમાં જે કાંડ થયો હતો તેવો કાંડ પણ જિલ્લામાં થયેલો છે જેમાં આપણે એક હજાર જેટલા આદિવાસી બંધુઓ ગુમાવ્યા છે. તેમનો ફાળો પણ આઝાદીમાં મહત્વનો છે. સરકારે વૃદ્ધો માટે પેન્શન સહાય આપે છે. સરકારે પ્રજાની કાળજી લીધી છે. આ ઉપરાંત કૃષિ લક્ષી અનેક હિતકારી નિર્ણય કર્યા છે.

જીલ્લા અગ્રણીશ્રી રાજેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, આજે જીલ્લાના છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાઓના લાભ લોકો સુધી પહોંચ્યા છે.એ એક પારદર્શક સરકાર હોવાથી શક્ય બન્યું છે. સરકારે જનધન ખાતા દ્વારા દેશના ગરીબ વર્ગના લોકોને જીરો બેલેન્સમાં ખાતા ખોલી આપીને સરકારના લાભો સીધા જ એમના ખાતામાં જમા કર્યા છે. સરકારે દિવ્યાંગો, મહિલાઓ, ખેડૂતો તમામને સહાયો આપી છે.

આ કાર્યક્રમમાં સાંસદશ્રીના વરદ હસ્તે ડીઝલ મશીન લોડીંગ સાયકલ અને સલામતીના સાધનોની રૂ.૫૦૦૦ હજારની સહાયની કિટો, ડૉ.આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજનાના રૂ.૪૨૦૦૦ સહાયના, ડૉ.આંબેડકર આવાસ યોજના રૂ.૨૦૦૦૦ની સહાયના, પશુપાલન યોજના, મકાન સહાય યોજના, કુંવરબાઈ મામેરા સહાય યોજનાના મંજૂરી પત્રકો તથા ઈલેક્ટ્રિક એપ્લાયન્સીસ રીપેરીંગની કીટ તેમજ બસ પાસ યોજનાના ઓળખ કાર્ડ, દિવ્યાંગતાના સર્ટી, અંત્યોદય યોજનામાં રેશનકાર્ડ અને વૃદ્ધ સહાય યોજના હેઠળ લાભો આપીને લાભાન્વિત કરાયા.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પાબેન ભાવસાર, પ્રાયોજના વહીવટદારશ્રી એસ.પી.મુનિયા, અગ્રણી શ્રી ભીખાજી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિકારીશ્રીઓ, તેમજ જીલ્લાના અન્ય અધિકારી/કર્મચારીશ્રીઓ તેમજ લાભાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લી : ત્રીજી લહેરના ભણકારા વચ્ચે બાયડના ગ્રામ્ય વિસ્તારની ૪૨ વર્ષીય મહિલાને કોરોના ભરખી ગયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સમગ્ર વિશ્વમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોન હાહાકાર મચાવ્યો છે ત્યારે દેશમાં અને રાજ્યમાં ઓમીક્રોન વાયરસનું સંક્રમણ વધી રહ્યું હોવાની સાથે ગુજરાતમાં કોરોનાએ ફરી માથું ઉંચક્યું છે અને દૈનિક કેસમાં સતત વધારો થઇ રહ્યો છે. ત્યારે અરવલ્લી જીલ્લાની મોડાસા શહેરમાં આવેલ કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલી બાયડના ગ્રામ્ય વિસ્તારની ૪૨ વર્ષીય મહિલાને કોરોના ભરખી જતા જીલ્લામાં ભારે ફફડાટ ફેલાયો છે કોરોના સંક્રમિત મહિલાનું મોત થતા આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી હતી આરોગ્ય તંત્રએ મહિલાના રહેઠાણ વિસ્તાર અને સંપર્કમાં આવેલા લોકોનું સર્વેલન્સ હાથધર્યું છે કોરોનાની બીજી લહેરમાં રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓના મોતના રેસિયામાં અરવલ્લી જીલ્લો બીજા સ્થાને રહ્યો હતો કેટલાક પરિવારો સહીત અનેક લોકોને કોરોના ભરખી ગયો હતો

અરવલ્લી જીલ્લામાં બીજી લહેર ઘાતક સાબિત થઇ હતી હાલ કોરોનાની ત્રીજી લહેરની ભણકારા વચ્ચે ૪૨ વર્ષીય મહિલાને કોરોના ભરખી જતા જીલ્લાના પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે બાયડના ગ્રામ્ય વિસ્તારની ૪૨ વર્ષીય મહિલા સુરતમાં પારિવારિક મરણ પ્રસંગમાં હાજરી આપી પરત ફરી હતી છેલ્લા કેટલાક દિવસથી શરદી-ખાંસી તાવ સહીત કોરોનાના લક્ષણ જણાતા મહિલાને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ઉભા કરાયેલ કોવીડ વોર્ડમાં દાખલ કરાઈ હતી મહિલાનો કોરોના રેપીડ ટેસ્ટ પોઝેટીવ આવ્યાના ગણતરીના સમયમાં મહિલાનું મોત થતા આરોગ્ય તંત્રમાં હડકંપ મચ્યો હતો આરોગ્ય તંત્રએ મૃતક મહિલાની અંતિમવિધિ કોરોના ગાઈડલાઈન મુજબ કરવા તજવીજ હાથધરી હતી

અરવલ્લી જીલ્લામાં બીજી લહેરમાં ૬ હજારથી વધુ લોકો કોરોના સંક્રમિત થયા હતા અને કોરોના પોઝેટીવ દર્દીઓના ટપોટપ મોત નિપજ્યા હતા ત્યારે છેલ્લા ૬ મહિનાથી સુસુપ્ત અવસ્થામાં રહેલા કોરોનાએ ફરિથી માથું ઉચકતા કોરોના સંક્રમિત મહિલાનું કોરોનાથી મોત થતા ભારે દહેશત ફેલાઈ છે. મોડાસાની કોવીડ હોસ્પિટલમાં કોરોના સંક્રમિત ૪૨ વર્ષીય મહિલાને કોરોના ભરખી જતા કોરોનાના નવા વેરિએન્ટ ઓમીક્રોન વાયરસનો ભોગ બની હતી કે નહી..? તે અંગે પૂછપરછ કરવા એપેડેમિક અધિકારી ડૉ. પ્રવીણ ડામોર અને સીડીએચઓ ડૉ.શ્રીમાળીનો ટેલિફોનિક સંપર્ક કરતા ફોન ઉપાડવાનું મુનાસીબ માન્યું ન હતું

### અરવલ્લી : શામળાજી પંથકમાં તસ્કરોની જમાવટ

## પાલ્લા ગામમાં હાર્ડવેરની દુકાનમાંથી ૧ લાખથી વધુની ચોરી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં ગાત્રો થીજાવતી ઠંડીમાં તસ્કર ટોળકીઓ સક્રિય થતા સતત જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપી ખાખીને પડકાર ફેંકી રહી છે શામળાજીના ધમબોલીયા ગામે ત્રણ મંદિરોમાં લાખ્ખો રૂપિયા અને ચાંદીના આભૂષણોની ચોરીની ઘટનાની ગણતરીના કલાકોમાં નજીક આવેલા પાલ્લા ગામમાં આવેલી હાર્ડવેરની દુકાનમાં ત્રાટકી ૭૦ હજાર રૂપિયા રોકડા અને દુકાનમાં રહેલો માલસામાનની ચોરી કરી ફરાર થઇ જતા શામળાજી પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવાની હવા કાઢી નાખી હતી શામળાજી પોલીસે દુકાનદારની ફરિયાદ નોંધી રાબેતા મુજબ તપાસ હાથધરી હતી શામળાજી પંથકમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે.

શામળાજી નજીક આવેલા પાલ્લા ગામમાં રહેતા ભરતભાઈ પુંજાભાઈ પ્રજાપતિ ગામમાં રાધેશ્યામ હાર્ડવેર નામની દુકાન ધરાવે છે મંગળવારે રાત્રે રાબેતા મુજબ દુકાન બંધ કરી ગયા હતા ત્યારે રાત્રીના સુમારે તસ્કરો ત્રાટકી દુકાનનું શટર તોડી નાખી દુકાનમાં પ્રવેશી દુકાનમાં રહેલા ધંધાના ૭૦ હજાર રૂપિયા રોકડા અને દુકાનમાં રહેલો હાર્ડવેર અને કલરના ટીન સહીત માલસામાન ઉઠાવી ફરાર થઇ ગયા હતા દુકાન માલિકને દુકાનમાં ચોરી થઇ હોવાની જાણ થતા તાબડતોડ દુકાને દોડી આવ્યા હતા અને દુકાનમાંથી ૧ લાખથી વધુના મુદ્દામાલની ચોરી થતા હોફાળા-ફોફળા બન્યા હતા શામળાજી પોલીસને જાણ કરતા શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી હતી



આજરોજ અમદાવાદ ના કમિશ્નર શ્રી મુકેશ કુમાર નો વિદાય સમારંભ યોજાયો.આ પ્રસંગે મેયર શ્રી કિરીટભાઇ પરમાર, પ્રભારી શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, સ્ટે. કમિટી ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, પક્ષના નેતા શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ, દંડક શ્રી અરૂણસિંહ રાજપુત ઉપસ્થિત રહ્યા.

### સુશાસન સપ્તાહ અંતર્ગત

## ગાંધીનગર જિલ્લાના આજોલ, પાટનાકુવા અને વડોદરા ગામ ખાતે પી.એચ.સી. નું લોકાર્પણકરાયું

ગાંધીનગરઃ સોમવારઃ

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના આજોલ ગામ ખાતે સુશાસન સપ્તાહના તૃતીય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે જિલ્લાના આજોલ, વડોદરા અને પાટનાકુવા ગામે રૂપિયા ૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ પી.એચ.સી.નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આજોલ ગામ ખાતેથી આ પી.એચ.સી.નું લોકાર્પણ લોકસભાના સાંસદ શ્રી હસમુખભાઇ પટેલ અને રાજયસભાના સાસંદ શ્રી નરહરિભાઇ અમીનના હસ્તે કરવામાં આવ્યું હતું.

સુશાસન એટલે સમાજનો સર્વાંગી વિકાસ એવું કહી અમદાવાદ પૂર્વ લોકસભાના સંસદ સભ્ય શ્રી હસમુખભાઇ પટેલે જણાવ્યું હતું કે, આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સુશાસનનું સ્વપ્ન જોયું છે.તેમનું સ્વપ્ન છે કે, ભારતના નાગરિકો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સમૃધ્ધ બને. દેશ અને ગુજરાતનું હિત આપણા વડાપ્રધાનશ્રીના હૈયે વસેલું છે. દરેક નાગરિકને ગુણવત્તાવાળું જીવન, તબીબી સેવાઓ અને શિક્ષણ મળે તે માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અનેક યોજના અમલી બનાવી છે. કોરોનાકાળમાં ગરીબ લોકોની ચિંતા આ સરકારે કરી હતી. જરૂરિયાતમંદ એવા દેશના ૮૦ કરોડ લોકોને દોઢ વર્ષ સુધી મફત અન્ન પુરું પાડયું હતું. કોરોના રસીકરણનું સુચારું આયોજન કરીને આજ દેશના નાગરિકોને સ્વદેશી રસી આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં કોવિડ- ૧૯ની રસીના પ્રથમ ડોઝ ૯૮ ટકા લોકોને આપવામાં આવ્યો છે. તેમજ બીજો ડોઝ ૯૬ ટકા જેટલા લોકોને આપવામાં આવ્યો છે.

રાજયસભાના સાસંદ શ્રી નરહરિભાઇ અમીને જણાવ્યું હતું કે, આ સરકારના શાસનમાં આરોગ્યલક્ષી સેવા અને શિક્ષણ પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. આરોગ્ય સેવા અને શિક્ષણ સુશાસનનો પ્રથમ પાયો ગણી શકાય છે. સેવાસેતુ કાર્યક્રમ થકી ઘર આંગણે જ છેવાડાના નાગરિકને પણ સરકારી સેવાઓ – યોજનાઓનો લાભ મળી રહ્યો છે. ગુજરાતના નાગરિકો છેલ્લા કેટલાંય વર્ષોથી સુશાસનનો અનુભવ કરી રહ્યા છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ માટે, શિક્ષણ માટે, આરોગ્યલક્ષી વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે, તેની વિસ્તૃત વાત કરી હતી.

માણસા તાલુકાના આજોલ, ગાંધીનગર તાલુકાના વડોદરા અને દહેગામ તાલુકાના પાટનાકુવા ગામ ખાતે નિર્માણ કરવામાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઓ.પી.ડી/ આઇ.પી.ડી, ડિલિવરી, રસીકરણ, રેફરલ સેવા તેમજ રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમો મુજબની સેવા ઉપલબ્ધ થશે. આ આરોગ્ય કેન્દ્રોમાં સગર્ભા માતાને સગર્ભાવસ્થાથી લઈને સુવાડ સુધીની તમામ સેવાઓ મળી રહેશે. નવજાત બાળકથી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને આરોગ્યને લગતી તમામ સેવાઓ આપવામાં આવશે. રસીકરણ અને તરૂણી સ્વાસ્થયની તમામ સેવાઓ પણ મળશે. વસ્તીની સ્થિરતા માટે કુટુંબ કલ્યાણની કાયમી અને બિન કાયમી પધ્ધતિની સેવાઓ આ કેન્દ્રો પરથી આપવામાં આવશે.

## અરવલ્લીના ચારણવાડામાં દલિતોના અંતિમ સંસ્કાર ખુલ્લી જમીન પર કરવા લાચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસાતાલુકાના ચારણવાડા ગામના અનુસૂચિત જાતિના લોકોને મર્યા પછી પણ મુશ્કેલી પડી રહી છે.ગામમાં આવેલા સ્મશાનગૃહ નો ઉપયોગ અનુસૂચિત જાતિના લોકો કરી શકતા ન હોવાથી અલગ સ્મશાનગૃહ બનાવી આપવા જિલ્લા કલેકટરને રજુવાત કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના મોડાસા નજીક આવેલા ચારણવાડા ગામમાં આઝાદીના દાયકાઓ પછી પણ અનુસૂચિત જાતિના લોકોને અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે.જીવતાજીવ મુશ્કેલીઓ વેઠી મરણ પામતા મૃતકો ને સ્મશાનની સુવિધા પણ ન મળતા મૃતક ની પાછળ સમગ્ર સમાજ અને પરિવાર જનો ને મુશ્કેલી વેઠવી પડી રહી છે,ચારણવાડા ગામમાં અનુસૂચિત જાતિના કોઈપણ વ્યક્તિનું મૃત્યુ થાય તો તેની અંતિમવિધિ ખુલ્લી જમીન પર જ કરવી પડે છે,આ સમાજના લોકો સ્થાનિક સ્તર થી માંડીને જિલ્લા કક્ષાએ તેમના સમાજ માટે અલગ સ્મશાનગૃહ બનાવી આપવા રજુવાતો કરીને થાક્યા છે,સ્થાનિક પંચાયત સત્તધીશો ગ્રાન્ટ ન હોવા સહિતનાં વિવિધ કારણો આપી અનુસૂચિત જાતિના લોકોની માંગણી પુરી કરી નથી રહ્યા.આ સંજોગોમાં

સ્થાનિકોએ જિલ્લા કલેકટર સહિત જિલ્લા વિકાસ અધિકારી અને સમાજ કલ્યાણ અધિકારીને લેખિત રજુવાત કરી છે. જીવતા જીવ અનેક હાડમારીઓ વેઠી રહેલા અનુસૂચિત જાતિના લોકોને મર્યા પછી પણ અસુવિધા ન પડે તે માટે કરવામાં આવેલી લાગણીસભર રજુવાતમાં ચોમાસાની ઋતુમાં જો કોઈનું મરણ થઈ જાય તો અંતિમક્રિયા કેવી રીતે કરવી તે પણ એક મહામુશ્કેલી હોવાનું જણાવાયું છે ત્યારે વહીવટી તંત્ર દ્વારાચારણવાડા ગામના અનુસૂચિત જાતિના લોકોની હૃદયસ્પર્શી રજુવાત તાકીદે પૂર્ણ કરવામાં આવે તે માનવતાના હિતમાં રહેશે

## ખેડબ્રહ્મા ના ગુંદેલ ગામે ભાગવત કથા યોજાઈ

(કમલેશ રાવલ ખેડબ્રહ્મા દ્વારા )

ખેડબ્રહ્મા ના ગુંદેલ ગામે સાત દિવસીય ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું ભાગવત કથાકાર તરીકે ખેડબ્રહ્માના વંદનીય કથાકાર શ્રી દલપતભારતી શિવભારતી ગોસ્વામી દ્વારા લોકોને ભાગવત કથાનું રસપાન કરવામાં આવ્યું હતું પહેલા દિવસે બ્રહ્મભટ્ટ પ્રકાશચંદ્ર દેવીપ્રસાદ બીજા દિવસે પટેલ તુલસીદાસ લવજીભાઈ ત્રીજો દિવસ પટેલ ઘનશ્યામભાઈ નરસિંગભાઈ ચોથા દિવસે પટેલ નટવરભાઈ રાંમાભાઈ પાંચમા દિવસે પંચાલ ઈશ્વરભાઈ શંકરભાઈ છઠ્ઠા દિવસે પટેલ વિનોદભાઈ રેવાભાઈ અને સાતમા દિવસે બારોટ ઘનશ્યામભાઈ ઈશ્વરભાઈ ત્યાં કથાની પૂર્ણાહુતી કરવામાં આવી હતી

કથાકાર શ્રી દલપતભારતી શિવભારતી ગોસ્વામી ના શ્રી મુખે ભાગવત કથા તથા ભજન સાંભળવા ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા

### સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત

## આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત દ્વારા કોબા ખાતે મેગા આયુષ નિદાન સારવાર કેમ્પ યોજાયો



ગાંધીનગર

આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા કોમ્યુનિટી હોલ કોબા ખાતે સુશાસન સપ્તાહ ની ઉજવણીના ભાગરૂપે મેગા આયુષ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકા મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, દંડક શ્રીમતી તેજલબેન નાયી, મ્યુનિસિપલ કોર્પોરેટર શ્રીમતી મીરાબેન પટેલ, જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ભાવના પટેલ ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી આ કેમ્પ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૬૮ લાભાર્થીઓએ પ્રકૃતિ પરીક્ષણ કરાવી જીવન શૈલી વિશે માર્ગદર્શન મેળવેલ હતું. ૭૫ વડીલોએ વૃદ્ધાવસ્થા જન્ય રોગોની સારવાર મેળવેલ હતી. સ્ત્રી રોગ ના ૨૭ અને બાળરોગ ના ૩૬ લાભાર્થી નોંધાયેલ હતા.જનરલ આયુર્વેદ ઓપીડી માં ૧૨૨ અને જનરલ હોમીયોપેથી ઓપીડીમાં ૭૮ લાભાર્થીઓએ સારવાર મેળવેલ હતી. કુલ ૪૦૬ દર્દીઓએ સારવાર મેળવી હતી. આ પ્રસંગે ૧૫૦૦ લોકોએ ઉકાળા વિતરણ નો લાભ લીધો હતો. ૨૫૬ લોકોને સંશમની વટી અને ૨૩૮ લોકોને આર્સેનિક આલ્બમ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.